<u>સેશન્સ કેસ નં.૦૫/૨૦૧૯</u>
<u>સેશન્સ કેસ નં.૧૦/૨૦૧૯</u>

| | | | | |
|---|---|---|---|---|
| રજુ તારીખ | : | ૧૩/૦૨/૧૯ | | |
| નોંધ્યા તારીખ | : | ૧૩/૦૨/૧૯ | | |
| ફેંસલ તારીખ | : | ૨૩/૦૨/૨૨ | | |
| ડયુરેશન : | | વર્ષ | માસ | દિવસ |
| | | | | |

**મહે.બનાસકાંઠા જિલ્લાના એડીશનલ સેશન્સ જજ સાહેબની કોર્ટમાં,**
**મુકામ.થરાદ.**
**સેશન્સ કેસ નંબર ૦૫/૨૦૧૯**

**આંક:–**

**<u>ફરીયાદી</u>**:– શ્રી સરકાર

–: **<u>વિ રૂ ઘ્ધ</u>** :–

**<u>આરોપી</u>** :– ગીરીશભાઈ સગથાભાઈ રબારી,
રહે.રાહ,તા.થરાદ,જિ: બનાસકાંઠા.

**<u>સ્પે. કેસ નં.૧૦/૨૦૧૯</u>**

**<u>ફરીયાદી</u>**:– શ્રી સરકાર

–: **<u>વિ રૂ ઘ્ધ</u>** :–

**<u>આરોપી</u>** :– મફાભાઈ ઉર્ફે અશોકભાઈ નાગજીભાઈ રબારી
રહે.મેડા, તા.સાંચોર,જિ:જાલોર(રાજસ્થાન)

**<u>ગુનો :–</u>**ભારતીય દંડ સંહિતાની કલમ–૩૯૫,૩૯૭,૩૬૫,૧૨૦–બી

શ્રી સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી. આર.ડી.જોષી
આરોપીઓ તરફે વિ.વકીલ શ્રી.બી.એસ.ગોહિલ
––––––––––––––––––––––––––––

## -: ઠ રા વ :-

(૧) આ કામના આરોપીઓ વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ-૩૯૫,૩૯૭,૩૬૫,૧૨૦-બી મુજબનું ચાર્જશીટ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,થરાદની કોર્ટમાં રજુ કરવામાં આવેલ છે.

(૨) ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીઓએ તા. ૨૨/૫/૧૮ ના કલાક ૨૨:૦૦ વાગ્યે મોજે સિધોતરા રોડ ઉપર ફરીયાદીની ગાડી લીધેલ તેના હપ્તા ભરતા ન હોઈ જે ગાડી પરત લઈ લીધેલ તે ગાડી લઈ ફરીયાદી જતા હોઈ આરોપીઓએ કાવત્રુ રચી સિધોતરા ગામ આગળ રોડ ઉપર ગાડી રોકાવી ફરીયાદીને ખેચી બહાર કાઢી ગાડીમા ઉપાડી રાજસ્થાનની હદમા લઈ જઈ શરીરે મુઢ માર મારી ગાડીની નોટરીનું કાગળ મંગાવેલ. જે ઝેરોક્ષ કાગળ આવતા ફરીયાદીને છોડી દઈ ગાડીની તથા રૂા. ૧૦,૦૦૦/- ની લુંટ કરી ગુનો કર્યા અંગેની ફરીયાદ, ફરીયાદીએ આરોપીઓ વિરૂધ્ધ થરાદ પો.સ્ટેશનના પી.એસ.ઓ રૂબરૂ ફરીયાદ આપતાં, ફરીયાદીની ફરીયાદ આધારે પોલીસે થરાદ પો.સ્ટેશન ફર્સ્ટ ગુ.ર.નં.૭૨/૧૮ થી ગુનો રજીસ્ટ્રરે લઈ તપાસ હાથ ધરેલ, તપાસ દરમ્યાન જરૂરી પંચનામા કરેલ, લાગતા વળગતા સાહેદોના જવાબો લીધેલા, જરૂરી મુદ્દામાલ કબ્જે લીધેલો. ત્યારબાદ, તપાસને અંતે આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો હોવાનું જણાતાં ઉપરોકત ગુનાનું ચાર્જશીટ દાખલ કરેલ છે.

(૩) સદર કામે, આરોપીઓને પોલીસ તપાસના કાગળોની નકલો મળ્યાની ખાત્રી કરી તેમજ આરોપીઓને બચાવ માટે સરકારી વકીલની જરૂર છે ? તેવી ખાત્રી કરતાં, આરોપીઓએ પોતાના ખર્ચે વકીલ રોકેલા હોવાનું જણાવેલ છે.

ત્યારબાદ સદર ગુન્હાની ઈન્સાફી કાર્યવાહી ચલાવવાની સત્તા ફકત સેશન્સ અદાલતને હોય,વિધ્વાન જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,થરાદનાએ સદર કેસ ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૦૯ હેઠળ અત્રેની કોર્ટને કમીટ કરેલ, જે અનુક્રમે સેશન્સ કેસ નં. ૦૫/૨૦૧૯ તથા ૧૦/૨૦૧૯ થી નોંધવામાં આવેલ છે.

સદરહું કામે જોતા એ.પી.પી.તરફથી સ્પે.કેસ.નં.૦૫/૨૦૧૯ તથા ૧૦/૨૦૧૯ બંને કેસો એક જ ગુનાના કેસો હોઈ બંને કેસો એક સાથે ચલાવી ભેગા કરવા આંક–૧૦ થી અરજી આપવામાં આવેલી જે અરજી કોર્ટ ધ્વારા મંજુર કરવામાં આવેલી છે અને ત્યારબાદ સદરહું બંને કેસો ભેગા કરી ચલાવવામાં આવેલ છે અને બંને કેસોના કામે એક સાથે પુરાવો નોંધવામાં આવેલ છે અને તેથી બંને કેસોના સંદર્ભે સદરહું કોમન જજમેન્ટ આપવામાં આવેલ છે.

(૪) આ કામના આરોપીઓ વિરૂધ્ધ સેશન્સ.કેસ.નં.૦૫/૧૯ તથા ૧૦/૧૯ હેઠળ તા.૨૫/૦૬/૧૯ ના રોજ આંક–૭ થી ઈ.પી.કોડ કલમ–૩૯૫,૩૯૭,૩૬૫,૧૨૦–બી મુજબના ગુન્હાનું તહોમતનામું ફરમાવી, આંક–૮ તથા આંક–૯ થી આરોપીઓના જવાબ લેતાં આરોપીઓએ ગુન્હો કબુલ કરેલ નથી અને કેસ આગળ ચલાવવા માંગે છે તેમ જણાવેલ છે. જેથી ફરિયાદપક્ષે કેસની કાર્યવાહી આગળ ચલાવી નીચે મુજબનો મૌખિક અને દસ્તાવેજી પુરાવો નોંધેલ છે.

(૫) આ કામે, ફરીયાદ પક્ષ તરફે નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ થયેલ છે :–

**સેશન્સ કેસ નં.૦૫/૨૦૧૯**
**સેશન્સ કેસ નં.૧૦/૨૦૧૯**

## મૌખિક પુરાવો :–

| અ.નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૧૩ | પંચ સાહેદ રામચંદભાઈ પ્રતાપભાઈ ઠાકોર |
| ૨ | ૧૬ | પંચ સાહેદ ભુપતભાઈ મફાજી ઠાકોર |
| ૩ | ૧૭ | પંચ સાહેદ દુદાભાઈ કલ્યાણભાઈ રાજપુત |
| ૪ | ૨૦ | ફરીયાદી દુદાભાઈ વાઘાભાઈ રાજપુત |
| ૫ | ૨૪ | પંચ સાહેદ દીલીપકુમાર નારણભાઈ રાજપુત |
| ૬ | ૨૬ | પંચ સાહેદ નાગજીભાઈ તેજાભાઈ વાઘેલા |
| ૭ | ૩૨ | સાહેદ રાજપુત રૂડાભાઈ માનાભાઈ |
| ૮ | ૩૩ | સાહેદ રાજપુત અરજણભાઈ વાઘાભાઈ |
| ૯ | ૩૯ | ડો. સાહેદ કુણાલ વિનોદભાઈ માલોસણીયા |
| ૧૦ | ૪૪ | ત.ક.અ લાખાભાઈ ગોબરભાઈ નકુમ |

## દસ્તાવેજી પુરાવો :–

| અ.નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૧૪ | ગુનાવાળી જગ્યાનું પંચનામું |
| ૨ | ૧૫ | રીકન્સ્ટ્રકશન પંચનામું |
| ૩ | ૧૮ | આરોપીનું શરીર સ્થિતિનું પંચનામું |
| ૪ | ૨૧ | ફરીયાદ |
| ૫ | ૨૫ | ગાડીનું તપાસી પંચનામું |
| ૬ | ૪૦ | ઈન્જરી સર્ટીફિકેટ |
| ૭ | ૪૫ | સુચીપત્ર |
| ૮ | ૪૬ | સારવાર સર્ટી મેળવવાની યાદી |
| ૯ | ૪૭ | સ્થળ પરીક્ષણ અહેવાલ |

(૬) ઉપર મુજબનો પુરાવો લીધા બાદ આરોપીઓનું ક્રિમી.પ્રોસી.કોડની કલમ–૩૧૩ હેઠળ વધારાનું નિવેદન નોંધવામાં આવેલ છે.જેમાં આરોપીઓએ તેઓ નિર્દોષ હોવાનું જણાવી, વિશેષમાં જણાવેલ છે કે,'' આઈ ૨૦ જીજે.૦૭.બી.આર.૭૮૬૨ ની ગાડી ગણતાના નાગજીભાઈની હતી. તે વાતડાઉના સગથાભાઈ એ વેચાણ રાખેલ અને તે ગાડી ફરીયાદપક્ષ પૈસા આપ્યા સિવાય પરત લેવા માંગતા હતા તેથી સગથાભાઈ મારા સંબંધી થતા હોવાથી મેં ગાડી પરત ખેંચવા માટે વિરોધ કરેલ.તેની અદાવત રાખી અમારા ઉપર ખોટો કેસ કરેલ છે. '' ત્યારબાદ આરોપીઓ પક્ષે તેમના વિધ્વાન વકીલ શ્રી તથા ફરિયાદપક્ષ તરફે વિધ્વાન મદદનીશ સરકારી વકીલશ્રીની દલીલ સાભંળવામાં આવી.

(૭) ફરીયાદ પક્ષ તરફે એ.પી.પી.શ્રી આર.ડી.જોષીને સાંભળ્યા. આ કામે, ફરીયાદ પક્ષ તરફે એ.પી.પી.શ્રીએ દલીલો કરેલ છે કે, આ કામના આરોપીઓએ તા. ૨૨/૫/૧૮ ના કલાક ૨૨:૦૦ વાગ્યે મોજે સિધોતરા રોડ ઉપર ફરીયાદીની ગાડી લીધેલ તેના હપ્તા ભરતા ન હોઈ જે ગાડી પરત લઈ લીધેલ તે ગાડી લઈ ફરીયાદી જતા હોઈ આરોપીઓએ કાવત્રુ રચી સિધોતરા ગામ આગળ રોડ ઉપર ગાડી રોકાવી ફરીયાદીને ખેચી બહાર કાઢી ગાડીમા ઉપાડી રાજસ્થાનની હદમા લઈ જઈ શરીરે મુઢ માર મારી ગાડીની નોટરીનું કાગળ મંગાવેલ. જે ઝેરોક્ષ કાગળ આવતા ફરીયાદીને છોડી દઈ ગાડીની તથા રૂા. ૧૦,૦૦૦/– ની લુંટ કરી ગુનો કર્યા અંગેની હકીકત ફરીયાદીનો મૌખિક પુરાવો તથા દસ્તાવેજી પુરાવો તથા અન્ય તમામ દસ્તાવેજી પુરાવો તથા ત.ક.અમલદારની જુબાની ધ્યાને લેતાં, આ કામે આરોપીઓ વિરૂધ્ધનો કેસ નિ:શંકપણે પુરવાર થયેલ છે. ફરીયાદપક્ષ તરફથી સબળ અને સચોટ મૌખિક અને દસ્તાવેજી પુરાવો રજુ કરવામા આવેલ છે. જે પુરાવાને નહી માનવા માટેના કોઈ યોગ્ય અને ઉચીત

કારણો નથી અને તેથી તે તમામ હકીકતો ઘ્યાને લેતા ફરીયાદ પક્ષે આરોપીઓ વિરુઘ્ધના કેસની હકીકત પુરવાર કરેલ હોઈ, આરોપીઓ વિરૂઘ્ધનો ગુન્હો પુરવાર થયેલ માની આરોપીઓને સજા કરવા વિનંતી કરેલ છે.

(૮) આરોપીઓ તરફે તેમના વિઘ્વાન વકીલ શ્રી.બી.એસ.ગોહીલ એ દલીલ કરતાં જણાવેલ છે કે, ફરીયાદ પક્ષના સાહેદોનો મૌખિક અને દસ્તાવેજી પુરાવો વંચાણે લેતાં, આ કામે ફરીયાદીનો પુરાવો કોઈપણ રીતે માની શકાય તેવો નથી અને ફરીયાદીના પુરાવાને અન્ય તમામ સાહેદોથી વિરોધાભાષી હોવાનું જણાઈ આવે છે. આ કામે ગુનાવાળી જગ્યા પુરવાર થતી નથી. આરોપીઓ પાસેથી કોઈ રીકવરી કરવામા આવેલ હોય તેવી કોઈ જ હકીકત પુરવાર થતી નથી. ગાડીની માલિકી અંગેના કોઈ જ કાગળો આ કામે રેકર્ડ ઉપર આવતા નથી. તકરારી ગાડી સંબંધે ફરીયાદીને કોઈ જ લેવાદેવા નથી. તેમ છતા ખોટી રીતે ગાડી પડાવી લેવા માટે ખોટી ફરીયાદ ઉભી કરવામા આવેલ છે. ફરીયાદી પોતે તેઓના પુરાવામા ગુનાવાળી જગ્યા બાબતે વિરોધાભાસી હકીકતો જણાવે છે. રજુ થયેલ સમગ્ર પુરાવા ઘ્વારા રેકર્ડ ઉપર મહત્વના કોન્ટ્રાડીકશનો આવે છે. જે ફરીયાદપક્ષના કેસ પ્રત્યે શંકા ઉપસ્થિત કરે છે. આ કામે આરોપીઓની કોઈ ઓળખ પરેડ કરાવવામા આવેલ નથી. ઈ.પી.કો કલમ–૩૯૫ અને ૩૯૭ મુજબનો કોઈ ગુનો બનતો ન હોવા છતા ખોટી રીતે તેવો ગુનો દાખલ કરવામા આવેલ છે. આરોપીઓ પાસેથી કોઈ ગાડીની કે રોકડ રકમની કોઈ જ રીકવરી થયેલ નથી. રજુ થયેલા પંચનામા પુરવાર થતા નથી. આ કામે ફરીયાદી જણાવે છે તેવો કોઈ જ બનાવ બનેલ નથી. તેમજ આ કામે ફરીયાદ પક્ષ તરફે તપાસવામાં આવેલા ફરીયાદી તથા અન્ય મહત્વના સાહેદોનો પુરાવો સંતોષકારક અને પુરાવામાં ગ્રાહય રાખી શકાય તેવો નથી. ફરીયાદીએ હાલના આરોપીઓ વિરુઘ્ધ ખોટી ફરીયાદ કરેલ છે. ફરીયાદ

પક્ષના કેસને કોઈ સ્વતંત્ર સાહેદોના પુરાવાથી સમર્થન મળતું નથી તે તમામ સંજોગોમાં આ કેસમાં ફરીયાદપક્ષ આરોપીઓ વિરુધ્ધનો પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરવામાં સફળ થયેલ નથી અને તેથી આ કેસના આરોપીઓને નિર્દોષ ઠરાવીને છોડી મુકવા માટે વિનંતી કરેલી છે.

(૯) ઉપરોકત સંજોગોમાં, આ કેસના નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદદા ઉપસ્થિત થાય છે :–

૧: શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે સાબીત કરે છે કે, આ કામના આરોપીઓએ તા. ૨૨/૫/૧૮ ના કલાક ૨૨:૦૦ વાગ્યે મોજે સિધોતરા રોડ ઉપર ફરીયાદીની ગાડી લીધેલ તેના હપ્તા ભરતા ન હોઈ જે ગાડી પરત લઈ લીધેલ તે ગાડી લઈ ફરીયાદી જતા હોઈ આરોપીઓએ કાવત્રુ રચી સિધોતરા ગામ આગળ રોડ ઉપર ગાડી રોકાવી ફરીયાદીને ખેચી બહાર કાઢી ગાડીમા ઉપાડી રાજસ્થાનની હદમા લઈ જઈ શરીરે મુઢ માર મારી ગાડીની નોટરીનું કાગળ મંગાવેલ. જે ઝેરોક્ષ કાગળ આવતા ફરીયાદીને છોડી દઈ ગાડીની તથા રૂા. ૧૦,૦૦૦/– ની લુંટ કરી ગુનો કરી ભારતીય દંડ સંહિતાની કલમ–૩૯૫,૩૯૭,૩૬૫,૧૨૦–બી મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે ?

૨: છેવટનો હુકમ શું ?

(૧૦) ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે :–

૧: નકારમાં,

૨: આખરી હુકમ મુજબ.

## -: <u>કારણો</u> :-

**<u>મુદા નં.૧:-</u>**

(૧૧) સદરહુ કામે, રેકર્ડ ઉપર આવેલ પુરાવો ધ્યાનમાં લેતાં, આ કામે આંક-૨૧ થી ફરીયાદ રજુ થયેલી છે, તેની ટુંકમાં હકીકત વંચાણે લેતા, આ કામના આરોપીઓએ તા. ૨૨/૫/૧૮ ના કલાક ૨૨:૦૦ વાગ્યે મોજે સિધોતરા રોડ ઉપર ફરીયાદીની ગાડી લીધેલ તેના હપ્તા ભરતા ન હોઈ જે ગાડી પરત લઈ લીધેલ તે ગાડી લઈ ફરીયાદી જતા હોઈ આરોપીઓએ કાવત્રુ રચી સિધોતરા ગામ આગળ રોડ ઉપર ગાડી રોકાવી ફરીયાદીને ખેચી બહાર કાઢી ગાડીમા ઉપાડી રાજસ્થાનની હદમા લઈ જઈ શરીરે મુઢ માર મારી ગાડીની નોટરીનું કાગળ મંગાવેલ. જે ઝેરોક્ષ કાગળ આવતા ફરીયાદીને છોડી દઈ ગાડીની તથા રૂા. ૧૦,૦૦૦/- ની લુંટ કરી ગુનો કરેલ હોય તેવી ફરીયાદીની ફરીયાદ હકીકત છે.

(૧૨) ફરીયાદ પક્ષે આરોપીઓ વિરુધ્ધના ગુનાની હકીકત પુરવાર કરવા માટે આંક -૧૪ તથા આંક-૧૫ થી રજુ થયેલ ગુનાવાળી જગ્યાનુ પંચનામુ તથા ગુનાવાળી જગ્યાનું રીકન્સ્ટ્રકશન પંચનામુ રજુ કર્યાના પંચનામાના પંચ સાહેદ નં.૧ રામચંદભાઈ પ્રતાપભાઈ ઠાકોર ને આંક-૧૩ થી તથા પંચ સાહેદ નં.૨ ભુપતભાઈ મફાજી ઠાકોર ને સોગંદ ઉપર તપાસેલા છે. જે પૈકી પંચ સાહેદ રામચંદભાઈ પ્રતાપભાઈ એ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, '' પોલીસે મને પંચમાં રહેવા માટે બોલાવેલ નહી પરંતુ હું ધાનેરા જતો હતો તે વખતે પોલીસ મળેલી અને સહી કરવાનું કહેતા મે સહી કરેલી. હું

ફરીયાદીને ઓળખું છું તેઓ અમારા ગામના છે. ફરીયાદીએ ગુનાવાળી જગ્યા બતાવેલી હોય અને મારી રુબરુમાં ગુનાવાળી જગ્યાનું પંચનામું થયેલ હોય તેવું બનેલ નથી. '' વધુમા તેઓએ જણાવેલ છે કે, એવું બનેલ નહી કે પોલીસે મને ફરીથી પંચમાં રહેવા માટે બોલાવેલ અને ત્યાંથી એ વખતે એક ખાનગી વાહનની સીટ ઉપર દુદાભાઈ રાજપુત અને માનાભાઈ રાજપુત બેઠેલા હતા અને તેમના કહયા પ્રમાણે ગેળા ગામે થઈ બેવટા ગામ તરફ આગળ નીકળી બેવટા ગામથી પ્રતાપગઢ રાજસ્થાન થઈ સાંચોર ધાનેરા હાઈવે થી ડાબી બાજુ વળી ચાર રસ્તા આવેલા અને તે જગ્યા દુદાભાઈએ બતાવેલી અને દુદાભાઈએ જણાવેલ કે આ જગ્યાએ ગોચરમાં મને લાવી ધોકાઓ વડે તથા ઢીંકાપાટુનો મુઢમાર મારેલો તે જગ્યાએ ઝીણવટ ભરી રીતે જોતાં કોઈ નોંધપાત્ર ચિહનો જોવા મળેલ.'' ત્યારબાદ પંચ સાહેદ નં.ર ભુપતભાઈ મફાજી ઠાકોર એ તેમની જુબાનીમા જણાવેલ છે કે, પોલીસે મને પંચમાં રહેવા માટે બોલાવેલ નહી પરંતુ હું ધાનેરા જતો હતો તે વખતે પોલીસ મળેલી અને સહી કરવાનું કહેતા મે સહી કરેલી. હું ફરીયાદીને ઓળખું છું તેઓ અમારા ગામના છે. ફરીયાદીએ ગુનાવાળી જગ્યા બતાવેલી હોય અને મારી રુબરુમાં ગુનાવાળી જગ્યાનું પંચનામું થયેલ હોય તેવું બનેલ નથી. આંક–૧૪ તથા આંક–૧૫ વાળા પંચનામામાં મારી સહી છે.આમ ઉપરોકત પંચ સાહેદો એ આંક.૧૪ તથા આંક. ૧૫ થી રજુ થયેલ પંચનામાની હકીકતોને સમર્થનકારી પુરાવો આપેલ ન હોવાથી વિ.એ.પી.પી.શ્રીએ તેઓને ફરી ગયેલા જાહેર કરી, વિ.એ.પી.પી.શ્રી એ ઉલટ તપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછેલ તેમ છતાં, સદર પંચ સાહેદો પંચનામાની હકીકતને સમર્થનકારી પુરાવો આપેલ નથી. આમ, સદર પંચ સાહેદોની સરતપાસની હકીકત ફરીયાદ પક્ષે રજુ કરેલ પંચનામાની હકીકતને મદદરૂપ થઈ શકતી નથી.

(૧૩) તદ્દઉપરાંત ફરીયાદપક્ષે આંક.૧૮ થી રજુ થયેલ આરોપીની શરીર સ્થિતિના પંચનામાના પંચ સાહેદ નં.૩ દુદાભાઈ કલ્યાણભાઈ રાજપુત ને આંક.૧૭ થી સોગંદ ઉપર તપાસેલા છે. આ પંચ સાહેદની સોગંદ ઉપરની જુબાની ઘ્યાને લેતાં, તેઓએ સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, ''પોલીસે મને પંચમાં રહેવા માટે રેફરલ હોસ્પીટલમાં બોલાવેલ. પુરુષ વોર્ડમાં બેડ નં.૧૦ પર એક ઈસમ ખાટલામાં સુઈ રહેલ હતો અને તેનું નામ ઠામ પુછતાં તેને પોતાનું નામ દુદાભાઈ વાઘાભાઈ રાજપુત રહે. ગેળા તા. લાખણીવાળા હોવાનું જણાવેલ અને તેઓએ વાદળી કલરનો ટી શર્ટ તથા કમરે કાળા કલરનું પેન્ટ પહેરેલ હતું અને તેમના શરીરે જોતાં બંને હોઠ ઉપર વાગેલાનું જણાતું હતું અને સોજો આવેલ હતો અને પીઠના ભાગે લાલ ચકામા જણાતા હતા અને ગરદનના ભાગે ઈજાના નિશાન જણાતા હતા અને માથાના ભાગે વાગેલાનું નિશાન જણાતું હતું અને આંખોના નીચેના ભાગે સોજા જણાતા હતા. એ રીતનું પંચનામું પોલીસે કરેલું જે આંક–૧૮ થી રજુ કરેલ છે.''

(૧૪) તદ્દઉપરાંત ફરીયાદપક્ષે આંક.૨૦ થી સાહેદ નં.૪ ફરીયાદી દુદાભાઈ વાઘાભાઈ રાજપુત ને સોગંદ ઉપર તપાસેલા છે. આ સાહેદની સોગંદ ઉપરની જુબાની ઘ્યાને લેતાં, તેઓએ સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, '' અમો બે ભાઈઓ છીએ. જેમાં મોટો અરજણ અને નાનો હું છું. અમો જુદા રહીએ છીએ. મારા મા બાપ હયાત છે. તેઓ ખેતીનો ધંધો કરે છે. મારે મારી માલીકીની ગાડી જી.જે.૭ બી.આર. ૭૮૬૨ ની હતી. જે મારા બનેવી નાગજીભાઈ તેજાભાઈ રહે. ગણતાવાળાના નામે હતી અને આ ગાડી હું મારા ઘરકામમાં ઉપયોગ કરતો હતો. આ ગાડી બનાવ અગાઉ આઠેક મહિના પહેલાં

ગેળા ગામના રાજપુત દીલીપભાઈ નારણભાઈને વેચેલી અને તેઓએ જેતડા ગામના ભરતભાઈ કરશનભાઈ રાજપુતને વેચેલી અને તેઓએ આ ગાડી પથમેડા ગામના રબારી મફાભાઈને વેચેલી. ગાડીના ફાયનાન્સના હપ્તા ન ભરતાં પો.સ્ટે.માં ગાડી ડીટેન કરી હતી. મને ખબર પડતાં મે ગાડી છોડાવેલ. આર.ટી.ઓ.માં મેમો ભરીને મે છોડાવેલ.૨૫ તારીખના સાંજના હું રાહ થી ધુણસોલ જવા માટે ગાડી લઈને નીકળેલો. મારી સાથે ધીરાજી બાજુજી ઠાકોર અને બળવંતજી ખાનાજી હતા. અમો રાહ ગયા હતા અને ત્યાંથી કામ પતાવી ધુણસોલ જવા નીકળેલા. સીધોતરા અને પાવડાસણ વચ્ચે આ લોકોએ કાવતરુ રચી મારી ગાડી ઉભી રખાવી ગાડીમાંથી મને બહાર ખેંચેલો. મને મફાભાઈ અને ગીરીશભાઈએ ગાડીમાંથી બહાર ખેંચેલો. બીજા આઠેક માણસો બહાર ઉભેલા હતા. ગાડીમાંથી મને ખેંચતા માથાના પાછળના ભાગે મને વાગતાં લોહી નીકળેલું. પછી મને તેમની એકસયુવી ગાડીમાં ઉપાડી લઈ ગયેલ. ત્યાંથી મને રાજસ્થાનની સીમમાં લઈ ગયેલ. ત્યાં પછી ચરેડામાં લઈ ગયેલા અને ત્યાં લાકડી અને પાઈપથી શરીરના પાછળના ભાગે અને શરીરે માર મારેલ અને રુા.૧૦,૦૦૦/- ની લુંટ કરેલી અને દીલીપભાઈને ફોન કરી મારી સાથે વાત કરાવી હતી અને કહેલું કે નોટરીનો વેચાણ કાગળ આપો તો આ ભાઈને છોડીશ. ત્યારબાદ દીલીપભાઈ અને ભરતભાઈ ઘરઢાણી આવેલા. ત્યાં કાગળ આપી મને છોડાવેલ. ત્યારબાદ મે ફરીયાદ કરી હતી.જે ફરીયાદ આંક-૨૧ થી રજુ કરેલ છે.''

ત્યારબાદ, આરોપીપક્ષે આ સાહેદની ઉલટ તપાસ કરવામાં આવેલ છે, જે ધ્યાને લેતાં, આરોપીપક્ષની ઉલટ તપાસમાં તેઓએ જણાવેલ છે કે,'' એ વાત ખરી નથી કે, હું ગાડીઓનો લે વેચનો ધંધો કરું છું.હું ફાયનાન્સનો ધંધો કરતો નથી. મારે ખેતી સિવાય બીજો કોઈ ધંધો નથી. એ વાત ખરી છે કે,

મે ફરીયાદમાં જે ગાડી નંબર જણાવેલ છે તે મારી માલીકીની હતી તેવું બતાવતો કોઈ પુરાવો મારી પાસે નથી. એ વાત ખરી નથી કે, આ ગાડી મે વેચેલ ન હતી. એ વાત ખરી નથી કે, હું માલીક ન હોય ગાડી વેચી શકું નહી. મે મારા નામથી વેચાણ દસ્તાવેજ કરેલ ન હતો. એ વાત ખરી છે કે, ગાડી વેચ્યા બાદ મારે ગાડી સાથે કંઈ લેવા દેવા ન હતું. એ વાત ખરી છે કે, દીલીપભાઈએ ભરતભાઈને ગાડી વેચી તે વહેવારમાં હું વચ્ચે ન હતો. એ વાત ખરી છે કે, ભરતભાઈએ મફાભાઈને ગાડી વેચી તે વહેવારમાં પણ હું વચ્ચે ન હતો. એ વાત ખરી નથી કે, ભરતભાઈએ ગાડી કોને વેચેલી તેનો મને ખ્યાલ નથી. એ વાત ખરી નથી કે, મફાભાઈને ગાડી લખાણ કરીને વેચવામાં આવેલ નથી. મફાભાઈ અને ભરતભાઈ વચ્ચે લખાણ થયુ હતું. મારી પાસે તેવું લખાણ નથી. તે લખાણ નાગજીભાઈ પાસે છે. એ લખાણ ભરતભાઈ પાસે નથી. એ વાત ખરી છે કે, મારા બનેવી નાગજીભાઈએ મફાભાઈને કોઈ ગાડી વેચેલ નથી. એ વાત ખરી નથી કે, ભરતભાઈએ મફાભાઈને ગાડી વેચેલી હોય અને કોઈ લખાણ નોટરાઈઝ કરાવેલ હોય તેવું બનેલ નથી. ભરતભાઈએ સગથાભાઈને ગાડી વેચેલાની મને ખબર નથી. એ વાત ખરી છે કે, મારી ફરીયાદમાં નોટરી સગથાભાઈ રહે. વાતડાઉ વાળાના નામની કરાવેલ હતી તેવું લખાવેલ છે. તે નોટરી ગાડી વેચાણની કરાવેલ હતી. તે વેચાણની શરતો નાગજીભાઈ અને સગથાભાઈની વચ્ચે થયેલ છે. હપ્તા મફાભાઈએ ભરેલા નહી. મફાભાઈએ મને હપ્તા ભરવાના ન હતા. ભરતભાઈ જેતડાવાળાએ ગાડી સગથાભાઈને વેચાણ કરેલાનો મને ખ્યાલ નથી. એ વાત ખરી નથી કે, બાકીના હપ્તાની રકમ સગથાભાઈએ ભરતભાઈને આપવાની હતી. પોલીસે ગાડી આર.સી.બુક ન હોવાના કારણે ડીટેન કરેલી. ગાડી મારી હોવાના કારણે અને હપ્તા ભરવામાં આવેલ ન હોવાના કારણે મે છોડાવેલ હતી. એ વાત ખરી નથી કે, મારા નામે ગાડી ન હોવા છતાં ખોટી

રીતે આર.ટી.ઓ.માં દંડ ભરી ગાડી છોડાવેલ. હું રાહ થી ધુણસોલ જવા નીકળેલ. રાહ મુકામે હું મારા ઘરકામ મુકામે આવેલ હતો. મારે પાવડાસણ પૈસા આપવાના હતા તેથી હું આવેલો હતો. મારે પાવડાસણ તથા રાહ મુકામે પૈસા આપવાના હતા. મારે ભેંસ અને ગાયના પૈસા આપવાના હતા. મે રાહ મુકામે કોઈને પૈસા આપેલા નહી. એ વાત ખરી છે કે, ગેળાથી ધુણસોલ રાહ કરતા નજીક થાય. એ વાત ખરી છે કે, રાહથી ઘોડાસર થઈ આસોદર થઈ ધુણસોલ જવાય છે. એ વાત ખરી છે કે, બીજો રસ્તો જડીયાલી થી ધુણસોલ જવાનો છે. એ વાત ખરી નથી કે, રાહથી ઘોડાસર આસોદર થઈ ધુણસોલ જવાનો રસ્તો રાહથી પાવડાસણ જડીયાલી થઈ જવાનો રસ્તો ટુંકો પડે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, બંને રસ્તા સરખા છે. બનાવ સીધોતરાની સીમમાં બનેલો. બનાવ સ્થળની આજુબાજુમાં ખેતરો આવેલા છે. તે સીધોતરા ગામની સીમના ખેતરો છે. તે ખેતરો કોની માલીકીના છે તેની મને ખબર નથી. મે પોલીસને સીધોતરાની સીમમાં બનાવ બનેલ તે જગ્યા બતાવેલ. એ વાત ખરી છે કે, આ બનાવ પાવડાસણ અને કોચલાની સીમમાં બનેલો હોય તેવું બનેલ નથી. એ વાત ખરી છે કે, પાવડાસણની સીમમાં બંને બાજુ ખેતરો આવેલા હોય અને ખેતરોની આજુબાજુ રહેવાના ઘરો આવેલા હોય તેવું બનેલ નથી. બનાવવાળી જગ્યાનું પંચનામું થયું ત્યારે હું હાજર હતો. બનાવવાળી જગ્યાની ચર્તુ:દિશા મે પોલીસને બતાવેલી. બનાવ સ્થળની આજુબાજુ સીલાજી કરશનજી અને ગોવાભાઈ વાઘાભાઈનું ખેતર આવેલ હતું. તે લોકો ત્યાં સ્થળ ઉપર હાજર હતા અને તેમને પુછીને તેમના માલીક તરીકે નામ લખેલા. ગોવાભાઈનું ખેતર રોડની કઈ સાઈડે આવેલ છે તેની મને ખબર નથી. એ વાત ખરી નથી કે, તે બંને ખેતરો પાવડાસણની સીમના છે. મને એ વાતની ખબર નથી કે, બનાવવાળી જગ્યા પાસે રોડ પુરો થતા ૫૦ ફુટ દુર જેઠાભાઈ ઈસરાભાઈ માળીનું ખેતર આવેલ છે અને તેમાં તે કુટુંબ સાથે રહે છે.

એ વાત ખરી છે કે, ત્યાં લાઈટની વ્યવસ્થા છે. એ વાતની મને ખબર નથી કે, તેની સામે તેમનું ખેતર આવેલ છે. મને એ વાતની ખબર નથી કે, જમણી બાજુ માળી વેલાજીનું ખેતર આવેલું છે અને ડાબી બાજુ માળી બાબુજી વાઘાજીનું ખેતર આવેલ છે. એ વાત ખરી નથી કે, ત્યાં કોઈ વણકરનું ખેતર જ નથી. મને એ વાતની ખબર નથી કે, ત્યાં નજીકમાં ડાબી બાજુ કેવળાજી માળીનું ખેતર અને રહેણાંકનું ઘર આવેલ છે અને તેમાં તે રહે છે અને તે કમાન્ડો જીપ રાખે છે. મને એ વાતની ખબર નથી કે, ત્યાં લાઈટની સુવિધા છે. મને એ વાતની ખબર નથી કે, જમણી બાજુ આગળ પાવડાસણ તરફ જતા રબારીઓના ખેતરો આવેલા છે અને તેમાં તેઓ તેમના કુંટુંબ સાથે રહે છે. બનાવવાળી જગ્યા પાવડાસણ બસસ્ટેન્ડથી ચાર પાંચ કી.મી.દુર છે. પાવડાસણ અને સીધોતરા વચ્ચે કેટલું અંતર છે તે મને ખબર નથી. એ વાત ખરી નથી કે, હું જણાવું છું તે મુજબની જગ્યાએ કોઈ બનાવ બનેલ નથી અને તેથી મને બનાવવાળી જગ્યાનો ખ્યાલ નથી. એ વાત ખરી નથી કે, ખોટો ગુનો રજીસ્ટર કરાવવા માટે પોલીસને ખોટી જગ્યા બતાવેલી છે. બનાવ વખતે અજવાળી કે અંધારી રાત હતી તે મને ખ્યાલ નથી. ફરીયાદમાં જે આઠ જણા બતાવેલ છે તે પૈકી કોઈકે મને ગાડીમાંથી ખેંચી લીધેલ. એ વાત ખરી નથી કે, મે મારી ફરીયાદમાં ગાડીમાંથી મફાભાઈએ ખેંચી લીધેલ તેવું લખાવેલ નથી. આઠ જણના ચહેરા હું જોયેથી ઓળખી શકું. મે મારી ફરીયાદમાં એ આઠ જણાનું કોઈ વર્ણન લખાવેલ નથી. જે આઠ જણા હતા તેઓ એકબીજા સાથે વાતો કરતા હતા. તેઓ અલગ અલગ નામ બોલતા હતા. તે નામ મે પોલીસને જણાવેલા. મે પોલીસને બે ત્રણ નામ જણાવેલા. મે પોલીસને આરોપીઓનો કોઈ સ્કેચ બનાવવા માટે જણાવેલ નહી. એ આઠેય જણા મારી સાથે બે કલાક રહયા હતા. એ વાત ખરી છે કે, માર મારવાનો અને લુંટ કરવાનો બનાવ રાજસ્થાનની હદમાં બનેલો. એ વાત ખરી

છે કે, મારી ફરીયાદમાં રુા.૧૦,૦૦૦/– ની નોટો કયા દરની હતી તે લખાવેલ નથી. એ વાત ખરી છે કે, રુા.૧૦,૦૦૦/– હું કયાંથી લાવેલ તે મારી ફરીયાદમાં પણ લખાવેલ નથી. એ વાત ખરી છે કે, તે રુપિયા હું શા માટે લઈને નીકળેલ તે હકીકત પણ ફરીયાદમાં લખાવેલ નથી. એ વાત ખરી નથી કે, મને રાજસ્થાનની હદમાં જે જગ્યાએ માર મારેલ તે જગ્યા મે પોલીસને બતાવેલ નથી. તે જગ્યાની આજુબાજુ કોઈ ઘરો કે ખેતરો ન હતા. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, તે ગોચરની જગ્યા હતી. એ વાત ખરી નથી કે, મને આઠ પૈકીના જે માણસે ખેંચેલ તેના ધ્વારા માથામાં ઈજા થઈ હતી. એ વાત ખરી છે કે મારી ફરીયાદમાં આઠ પૈકીના એક માણસે મને ગાડીમાંથી બહાર ખેંચેલો અને ગાડીમાંથી બહાર ખેંચતા માથાના પાછળના ભાગે વાગેલું. હું રાત્રે ત્રણ વાગે ઘરઢાણી આવેલો. એ વાત ખરી છે કે, ઘરઢાણી આર.ટી.ઓ.ચેકપોસ્ટ છે. એ વાત ખરી છે કે,ઘરઢાણીમાં પોલીસ ચોકી છે. મને એ વાતની ખબર નથી કે, ત્યાં સેલ ટેક્ષની ચેકપોસ્ટ આવેલ છે. મને એ વાતની ખબર નથી કે, ત્યાં ૧૫ થી ૨૦ માણસોનો સ્ટાફ ૨૪ કલાક ડયુટી ઉપર હોય છે. ઘરઢાણીથી થરાદની પોલીસ ચોકી આશરે ૨ કી.મી. દુર હશે. અમો ત્યાં રોડની સાઈડે ઉભા હતા. મને એ વાતની ખબર નથી કે, તે વખતે વાહનોની અવર જવર ચાલુ હતી. એ વાત ખરી છે કે, તે રાજસ્થાનથી ગુજરાત આવતો જાહેર માર્ગ છે અને તેના ઉપર ૨૪ કલાક વાહનોની અવર જવર હોય છે. મે બચાવ માટે કોઈ બુમો પાડેલ નહી. ભરત અને દીલીપ ત્રણેક વાગે આવેલા. મને એ વાતની ખબર નથી કે ભરત અને દીલીપ થરાદ પોલીસ ચોકી થઈને આવેલા. એ વાત ખરી છે કે, ફોન કર્યો ત્યારે ભરત અને દીલીપને મારું અપહરણ થયેલ છે તેવી ખબર હતી.એ વાત ખરી નથી કે, હું સરતપાસમાં જણાવું છું તે મુજબ આરોપીઓએ મને રાજસ્થાનની હદમાં ગોચરમાં લાકડીઓ અને પાઈપથી માર

મારેલ નથી કે રુા.૧૦,૦૦૦/– ની લુંટ કરેલ નથી. એ વાત ખરી નથી કે, તેવા કારણસર મે રાજસ્થાન પોલીસનો કોઈ સંપર્ક કરેલ નથી. અમે પાછા નીકળ્યા ત્યારે પોલીસ ચેકપોસ્ટ પાસેથી નીકળ્યા હતા. મે તે સમયે ત્યાં પોલીસને બનાવની કોઈ જાણ કરેલ નહી. એ વાત ખરી નથી કે, કોઈ બનાવ બનેલ ન હતો તેથી પોલીસને વાત કરેલ નહી. અમો ત્યાંથી સીધા થરાદ પો.સ્ટે આવેલા. અમો થરાદ પો.સ્ટે.માં સવારે આશરે ચાર સાડા ચાર વાગે આવેલા. અમો ૨૬ તારીખે સવારે ચાર વાગે આવેલા. અમે ચાર વાગે આવ્યા ત્યારે પો.સ્ટે. જાહેરાત આપી હતી. અમો ત્યાંથી નીકળી જેતડા ગયા હતા અને ત્યારબાદ થરાદ આવેલા. એ વાત ખરી નથી કે, ફરીયાદ ચોકકસ કેટલા વાગે આપી તે મને ખબર નથી. એ વાત ખરી નથી કે, અમો ચાર વાગે પો.સ્ટે. ગયા ત્યારે પોલીસે ફરીયાદ લેવાની ના પાડી હતી. એ વાત ખરી નથી કે, પોલીસે એવું જણાવેલ કે તમો ખોટુ બોલો છો અને કોઈ બનાવ બનેલ નથી તેથી ફરીયાદ લેવામાં નહી આવે. એ વાત ખરી નથી કે, તે કારણસર અમો પરત ગયા હતા અને અમારા રાજકીય આગેવાનોને ભેગા કરેલા. એ વાત ખરી નથી કે, રાજકીય દબાણ લાવીને સવારમાં ખોટી ફરીયાદ દાખલ કરાવેલ છે. એ વાત ખરી નથી કે, હું સરતપાસમાં જણાવું છું તે મુજબનો મારા અપહરણનો, માર મારવાનો કે લુંટનો કોઈ બનાવ બનેલ નથી. એ વાત ખરી નથી કે, આરોપી મફાભાઈએ મને ગાડીમાંથી ખેંચી કાઢેલાની હકીકત અને ત્યાંથી મને એકસયુવી ગાડીમાં ઉપાડીને લઈ ગયેલાની હકીકત હું સોગંદ ઉપર ખોટી જણાવું છું. એ વાત ખરી નથી કે, હું સોગંદ ઉપર ખોટી જુબાની આપું છું. વધુમા આરોપી નં. ૨ ના વિ.વ.શ્રી એમ.એલ.દેસાઈ તરફથી ઉ.ત લેવામા આવેલ છે જેમા તેઓએ જણાવેલ છે કે,એ વાત ખરી નથી કે, આરોપી ગીરીશભાઈએ મને ગાડીમાંથી બહાર ખેંચી કાઢેલાની હકીકત

ખોટી જણાવું છું. એ વાત ખરી છે કે, રાહ ગામમાં કેટલા રબારીઓના ઘર છે તેની મને જાત માહિતી નથી. ''

(૧૫) તદઉપરાંત ફરીયાદપક્ષ તરફે આંક.૨૪ થી પંચ સાહેદ નં.૫ દીલીપકુમાર નારણભાઈ રાજપુત તથા આંક–૨૬ થી પંચ સાહેદ નં.૬ નાગજીભાઈ તેજાભાઈ વાઘેલા ને સોગંદ ઉપર તપાસેલા છે. જેઓ આંક.૨૫ થી રજુ થયેલ ગાડીનું તપાસી પંચનામું કર્યાના પંચનામાનાં પંચ સાહેદો છે. જે પૈકી પંચ સાહેદ દીલીપકુમાર નાગજીભાઈ એ તેઓની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, '' દુદાભાઈ મારા કુટુંબી ભાઈ થાય છે. ગાડી નં. જી.જે.૦૭ બીઆર–૭૮૬૨ મે દુદાભાઈ પાસેથી ૨૦૧૫માં રુા.૭,૫૦,૦૦૦/– ખરીદેલી. જેમાં રુા.૧,૨૫,૦૦૦/– રોકડા આપેલા અને બાકીના હપ્તા ભરવાના હતા અને આ ગાડી મે જેતડાના ભરતભાઈ કરશનભાઈ રાજપુતને વેચેલ હતી. ત્યારબાદ ભરતભાઈએ આ ગાડી મફાભાઈને વેચી હતી. તે ગાડી આગથળા પોલીસ સ્ટેશને ડીટેઈન થતાં દુદાભાઈએ તે ગાડી છોડાવી હતી. દુદાભાઈ પાસે બે ત્રણ દિવસ ગાડી રહી હતી અને ત્યારબાદ મફાભાઈ તે ગાડી અને દુદાભાઈ બંનેને લઈ ગયા હતા. ત્યારબાદ રાત્રે મારા ઉપર મફાભાઈનો ફોન આવેલો. તે ૭૫૬૮૮૧૮૧૩૦ ઉપરથી ફોન આવેલો. તેમાં મને કહેલ કે ઓરીજનલ નોટરી લઈને આવો અને દુદાભાઈને લઈ જાવ. ત્યારબાદ મે નાગજીભાઈને ફોન કરેલો. નાગજીભાઈના ઘરે નોટરી લેવા ગયેલો અને પછી જેતડા આવેલો. હું તથા ભરતભાઈ વેલાભાઈ રાજપુત બંને જણા ઘરઢાલી સાંચોર હાઈવે ઉપર ગયેલા. ત્યાં જઈને જોયું તો મફાભાઈ તથા ગીરીશભાઈ તથા બીજા આઠેક માણસો હતા. દુદાભાઈને પીઠના ભાગે તથા મોઢાના ભાગે ઈજા થયેલી હતી. નોટરી મફાભાઈને આપેલી અને દુદાભાઈને છોડાવેલા અને ગાડી મફાભાઈ પાસે હતી. પછી

દુદાભાઈને લઈને અમે જેતડા ગામે આવેલા. દુદાભાઈએ જણાવેલ કે તેમને પીઠમાં અને માથાના ભાગમાં વાગેલું છે. તે સિવાય બીજી કોઈ વાત કરેલ નહી.આરોપીઓને ઓળખું છું. આ અંગેની ફરીયાદ દુદાભાઈએ કરેલી. પોલીસે મારી પુછપરછ કરેલી. ત્યારબાદ પોલીસે મને પંચ તરીકે થરાદ પોલીસ સ્ટેશનમાં બોલાવેલો અને ત્યાં પોલીસે મારી પાસે પુછપરછ કરીને સહી કરાવેલી. '' જે પંચનામુ આંક–૨૫ થી રજુ કરેલ છે.

ત્યારબાદ, આરોપીપક્ષે આ સાહેદની ઉલટ તપાસ કરવામાં આવેલ છે, જે ધ્યાને લેતાં, આરોપીપક્ષની ઉલટ તપાસમાં તેઓએ જણાવેલ છે કે,'' મે સને ૨૦૧૫ માં ગાડી લીધી હતી. મે બે ત્રણ દિવસમાં તે ગાડી ભરતભાઈને વેચી હતી. ભરતભાઈને વેચાણ કરી તે અંગે વેચાણ કરાર કરેલો. એ વાત ખરી છે કે, ભરતભાઈએ મફાભાઈને ગાડી કયારે વેચેલ તે મને ખબર નથી. એ વાત ખરી છે કે, ભરતભાઈએ જેને ગાડી વેચી તેઓને તથા ભરતભાઈને હપ્તા ભરવા માટે તકરાર ચાલતી હતી. એ વાત ખરી છે કે, સગથાભાઈ હપ્તા ભરતા ન હતા અને ગાડી પણ પરત આપતા ન હતા. એ વાત ખરી છે કે, ભરતભાઈ, દુદાભાઈ તથા અમારે કોઈપણ હિસાબે આ ગાડી પરત લેવી હતી. એ વાત ખરી છે કે, મે દુદાભાઈ, ભરતભાઈ અને નાગજીભાઈએ ભેગા થઈ નકકી કરેલું કે કોઈપણ સંજોગોમાં આ ગાડી પરત લેવી. એ વાત ખરી છે કે, અમોએ ભેગા થઈ પોલીસ સ્ટેશનનો સંપર્ક કરેલો. મને એ વાતની ખબર નથી કે, તે સમયે પોલીસ સ્ટેશનમાં લુંટની ફરીયાદ લખાવેલ. લુંટની ફરીયાદ દુદાભાઈએ લખાવેલાનું મને ખબર નથી. એ વાત ખરી છે કે, ગાડીની લુંટ થયેલાનું મને ખબર નથી. મારી ઉપર ફોન આવ્યો ત્યારે રાત્રે પોલીસ સ્ટેશનનો સંપર્ક કરેલો નહી. એ વાત ખરી છે કે, ઘરઢાલી થરાદ થઈને નીકળેલા. એ વાત ખરી છે કે, ઘરઢાલી જતાં વચ્ચે થરાદ પોલીસ સ્ટશેન આવે છે. એ વાત ખરી છે કે, ખોડા ચેક પોસ્ટ ઉપર થઈને અમો

પસાર થયા હતા અને તે વખતે પણ ત્યાં પોલીસ હતી. અમોએ ખોડા ચેક પોસ્ટ ઉપર પોલીસનો કોઈ સંપર્ક કરેલ નથી. એ વાત ખરી છે કે, કહેવાતા બનાવ વખતે ઓરીજનલ નોટરી મંગાવી હતી. એ વાત ખરી છે કે, ઓરીજનલ નોટરી આજે પણ નાગજીભાઈ પાસે છે. એ વાત ખરી છે કે, અમોએ ઘરઢાલી અસલ નોટરી કોઈને આપેલ નથી. એ વાત ખરી નથી કે, હું જણાવું છું તે મુજબ રાત્રે મારા ઉપર આરોપી મફાભાઈનો કોઈ ફોન આવેલો નથી. એ વાત ખરી નથી કે, ફોનથી હકીકત ખોટી ઉભી કરેલ છે. એ વાત ખરી છે કે, અમો પરત આવ્યા ત્યારે પણ ખોડા ચેકપોસ્ટ થઈને આવેલા અને તે વખતે પણ પોલીસમાં કોઈ સંપર્ક કરેલ નથી અને પોલીસમાં કોઈ વાત કરેલ નથી. અમો થરાદ મુકામે સવારે સાડા ત્રણ થી ચાર વાગે આવેલા તે વખતે અમો ડાયરેકટ જેતડા ગયા હતા પોલીસ સ્ટેશને ગયેલ નહી. જેતડા અમો ચારેક વાગે પહોંચેલા. એ વાત ખરી છે કે, દુદાભાઈ વિગેરે પોલીસ સ્ટેશન કયારે ગયા તે મને ખબર નથી. એ વાત ખરી છે કે, હું અને દુદાભાઈ કુટુંબી ભાઈ થઈએ છીએ. એ વાત ખરી નથી કે, દુદાભાઈના કહેવાથી ખોટી જુબાની આપું છું.

તદુપરાંત ફરીયાદપક્ષે આંક–૨૬ થી તપાસેલ પંચ સાહેદ નાગજીભાઈ તેજાભાઈ વાઘેલાની જુબાની ધ્યાને લેતા, તેઓએ સોગંદ ઉપરની જુબાનીમા જણાવેલ છે કે, દુદાભાઈ મારા કુટુંબી સાળા થાય છે. ગાડી નં. જી.જે.૦૭ બીઆર –૭૮૬૨ મારા નામે હતી. તે ગાડી મે દુદાભાઈ તથા દીલીપભાઈને વેચાણ કરવા માટે આપી હતી. દિલીપભાઈએ આ ગાડી જેતડાના ભરતભાઈ કરશનભાઈ રાજપુતને વેચેલ હતી. ત્યારબાદ ભરતભાઈએ આ ગાડી મફાભાઈને વેચી હતી. મફાભાઈએ સગથાભાઈને નોટરી કરી ગાડી વેચાણ કરી હતી. તે ગાડીના હપ્તા ભરવાની શરતે સગથાભાઈને આપી હતી. તે હપ્તા ન ભરતાં તે ગાડી આગથળા

પોલીસ સ્ટેશને ડીટેઈન કરી હતી. જે ગાડી દંડ ભરી દુદાભાઈએ છોડાવી હતી. બનાવના દિવસે હું મારા ઘરે હતો. ત્યારે મારા ઉપર દિલીપભાઈનો ફોન આવેલો અને ત્યારબાદ રાત્રે દિલીપભાઈ આવેલા અને તેમને મને જણાવેલ દુદાભાઈને ગાડી સાથે ઉપાડી ગયેલ છે અને ઓરીજનલ નોટરીની માંગણી તેમની મારી પાસે કરી હતી અને જણાવેલ કે ઓરીજનલ નોટરી આપીશું તો દુદાભાઈને છોડશે તેથી મે ઓરીજનલ નોટરી આપી હતી. ત્યારબાદ દીલીપભાઈ ઘરઢાલી ગયેલા અને હું ઘરે હતો. બીજા દિવસે મને એવું જાણવા મળેલ કે દુદાભાઈને મફાભાઈએ મારકુટ કરી હતી. ત્યારબાદ દીલીપભાઈ, દુદાભાઈ વિગેરે પો.સ્ટે.માં જઈ ફરીયાદ કરી હતી. પોલીસે મારો જવાબ લીધો હતો. આરોપીઓને ઓળખું છું. તેઓ કોર્ટમાં હાજર છે. ત્યારબાદ પોલીસે મને ફરીથી પંચનામું કરવા બોલાવેલ. બેવટા ગામના ચરેડામાં તે ગાડી પડી હતી તે અંગેનું પંચનામું કરેલ. તે વખતે હું હાજર હતો. તે ગાડી આઈ ૨૦ જી.જે.૦૭–બીઆર ૭૮૬૨ નંબરની હતી. આંક–૨૫ વાળું પંચનામું મને બતાવવામાં આવે છે તેમાં પંચ નં.૨ તરીકે મારી સહી છે.

ત્યારબાદ આરોપીપક્ષે લીધેલ ઉ.ત માં તેઓએ જણાવેલ છે કે, એ વાત ખરી છે કે, આ ગાડીનો મુળ માલીક હું હતો અને તે મારા નામે રજીસ્ટ્રેશન થયેલ હતું. એ વાત ખરી છે કે, ખરેખર ગાડીની માલીકી મારા સાળા દુદાભાઈની હતી. એ વાત ખરી છે કે, આ ગાડીનો વહીવટ હું કરતો ન હતો. એ વાત ખરી છે કે, દીલીપભાઈ, ભરતભાઈ વિગેરેને ગાડી મે વેચાણ આપેલ નથી. એ વાત ખરી છે કે, લખાણમાં મને સહી કરવાનું કહેતા હું સહી કરી આપતો હતો. દુદાભાઈએ ગાડી છોડાવી ત્યારે મારી પાસેથી ઓરીજનલ કાગળો લઈ ગયેલ હોય તેવું બનેલ નથી. મને એ વાતની ખબર નથી કે, ઓરીજનલ કાગળો સિવાય આરટીઓ વાળા દંડ લઈ શકે નહી. એ વાત ખરી નથી કે, ગાડી છોડાવવાની વાત ખોટી ઉભી કરેલ છે. દીલીપભાઈ

રાત્રે મારે ત્યાં આવ્યા ત્યારે આજુબાજુના માણસોને જાણ કરેલ નહી. એ વાત ખરી નથી કે, ઓરીજનલ નોટરી આજે મારી પાસે નથી. એ વાત ખરી નથી કે, દીલીપભાઈ નોટરીની ઝેરોક્ષ લઈ ગયેલા અને ઓરીજનલ નોટરી મારી પાસે છે. એ વાત ખરી છે કે, ભરતભાઈએ જેને ગાડી વેચી હતી તેની સાથે હપ્તા ન ભરવા બાબતે તકરાર ચાલતી હતી. એ વાત ખરી છે કે, હપ્તા ભરતા ન હતા અને ગાડી પણ પરત આપતા ન હતા. એ વાત ખરી છે કે, સગથાભાઈ પાસેથી અમો બધાએ ગાડી પરત લેવાનું નકકી કરેલ. એ વાત ખરી છે કે, અમો બધા ભેગા થઈને પો.સ્ટે. ગયા હતા. એ વાત ખરી છે કે, પોલીસને અમોએ ગાડી કોઈપણ હિસાબે પરત લેવી છે તેવું જણાવેલ.એ વાત ખરી છે કે, પોલીસે તે વખતે ફરીયાદ કરવાનું કહેલું. એ વાત ખરી નથી કે, ગાડી પરત લેવા માટે ખોટી લુંટની ફરીયાદ કરેલી. એ વાત ખરી નથી કે, હું બેવટા ગામે ગયેલ જ નથી. એ વાત ખરી નથી કે, મે લખેલા પંચનામામાં સહી કરી હતી. એ વાત ખરી નથી કે, હું દુદાભાઈનો બનેવી થતો હોઈ સોગંદ ઉપર ખોટી જુબાની આપું છું.

(૧૬) તદઉપરાંત ફરીયાદપક્ષે આંક.૩ર થી સાહેદ નં.૭ રાજપુત રૂડાભાઈ માનાભાઈ ને સોગંદ ઉપર તપાસેલા છે. તેઓએ સોગંદ ઉપરની જુબાનીમા જણાવેલ છે કે, બનાવના દીવસે હુ ઘરે હતો. સવારે ચારેક વાગેના સુમારે અરજણભાઈ રાજપુતનાઓએ મને ફોન કરીને જગાડેલ. તેઓએ જણાવેલ કે મારા ભાઈ દુદાભાઈનુ મફાભાઈ રહે પથમેડાવાળઆએ અને ગીરીશભાઈ રબારી રહે રાહવાળાએ અપહરણ કરેલ છે. દુદાભાઈના રૂ.૧૦૦૦૦– રોકડા અને આઈ ૨૦ ગાડી લુંટી લીધેલ છે અને રાજસ્થાનની હદમા લઈ જઈ ઢોર માર મારેલ છે. પછી દીપાભાઈને મફાભાઈએ ફોન કરેલ અને કહેલ કે અમો ગરડાલી

પેટ્રોલ પંપ પાસે આવીએ છીએ તમે ગાડીના કાગળો લઈને આવો. પછી અમારા ગામના દીલીપભાઈ અને ભરતભાઈ રાજપુતનાઓ ગાડીના કાગળો આપી અને દુદાભાઈને જેતડા એસ્સાર પંપે લઈને આવેલા છે અને ત્યા જવાનુ છે તેવી વાત કરેલી. ત્યારબાદ અમો જેતડા પેટ્રોલ પંપે ગયા હતા ત્યા દુદાભાઈ ભરતભાઈ, અને દીલીપભાઈનાઓ હાજર હતા અને ત્યા દુદાભાઈ ની પરીસ્થીતી જોઈ થરાદ પોસ્ટે ફરીયાદ નોંધાવવા આવેલા અને ત્યારબાદ તેમને સીવીલ હોસ્પી. મા દવાખાને લઈ ગયેલા. પોલીસે મારી પુરપરછ કરેલી.

ત્યારબાદ, આરોપીપક્ષે આ સાહેદની ઉલટ તપાસ કરવામાં આવેલ છે, જે ધ્યાને લેતાં, આરોપીપક્ષની ઉલટ તપાસમાં તેઓએ જણાવેલ છે કે,'' એ વાત ખરી છે કે દુદાભાઈની સાથે શુ બનાવ બનેલી તેની મને કોઈ જાત માહીતી નથી. એ વાત ખરી નથી કે જેતડા પંપે મારે દુદાભાઈ સાથે કોઈ વાત થયેલ નહી. એ વાત ખરી છે કે કાગળો કોણ લઈને ગયેલ અને કોને સોંપેલ તે મને ખબર નથી. એ વાત ખરી છે કે ગાડી અને રૂપીયા લુંટી લીધેલા ની મને કોઈ અંગત જાત માહીતી નથી. દુદાભાઈ મારા કાકાનો દીકરો થાય છે. એ વાત ખરી નથી કે દુાદાભાઈ મારા કાકાનો દીકરો ભાઈ થવાથી તેના સમર્થનમા ખોટી જુબાની આપુ છું. ''

(૧૭) તદઉપરાંત ફરીયાદપક્ષે આંક.૩૩ થી સાહેદ નં.૮ રાજપુત અરજણભાઈ વાઘાભાઈ ને સોગંદ ઉપર તપાસેલા છે. તેઓએ સોગંદ ઉપરની જુબાનીમા જણાવેલ છે કે, દુદાભાઈ મારા નાના ભાઈ થાય છે.બનાવના દીવસે હુ ઘરે હતો. સવારે ચારેક વાગેના સુમારે મારા ભાઈ દુદાભાઈનો ફોન આવેલ અને કહેલ કે મને મફાભાઈ અને ગીરીશભાઈએ માર મારેલ છે અને તરત એસ્સાર

પંપ ઉપર જેતડા ગામે આવો તેવી જાણ કરી હતી. ત્યારબાદ હુ અને રૂડાભાઈ જેતડા મુકામે ગયા હતા. ત્યારબાદ ત્યાથી થરાદ આવેલા અને થરાદ પોસ્ટે ફરીયાદ આપી હતી. ત્યારબાદ રેફરલ થરાદમા દુદાભાઈની દવા કરાવી હતી. મારા ભાઈ એ ગાડી દીલીપભાઈ પાસેથી લીધી હતી તે ગાડી નાગજીભાઈના નામે હતી. તે ગાડી ભરતભાઈને વેચી હતી અને તેણે મફાભાઈ રબારી ને વેચી હતી અને મફાભાઈ હપ્તા ભરતા ન હતા અને દુદાભાઈએ ગાડી પાછી લાવેલી. મફાભાઈએ ગાડી પાછી આપી દેવા ધમકી આપી હતી. દુદાભાઈ મફાભાઈનો ફોન આવતા મળવા ગયા હતા અને ત્યા ગાડી લુટી લીધી હતી અને દુદાભાઈને માર મારી રૂપીચા દસ હજાર રોકડા લુટી લીધા હતા.

ત્યારબાદ, આરોપીપક્ષે આ સાહેદની ઉલટ તપાસ કરવામાં આવેલ છે, જે ધ્યાને લેતાં, આરોપીપક્ષની ઉલટ તપાસમાં તેઓએ જણાવેલ છે કે,'' એ વાત ખરી છે કે દુદાભાઈની સાથે શુ બનાવ બનેલ તેની મને કોઈ જાતમાહીતી નથી. એ વાત ખરી નથી કે જેતડા પંપે મારે દુદાભાઈ સાથે કોઈ વાત થયેલ નહી. એ વાત ખરી છે કે કાગળો કોણ લઈને ગયેલ અને કોને સોપેલ તે મને ખબર નથી. એ વાત ખરી છે કે ગાડી અને રૂપીચા લુંટી લીધેલાની મને કોઈ અંગત જાતમાહીતી નથી. દુદાભાઈ મારા નાના ભાઈ થાય છે. એ વાત ખરી છે કે મે બનાવ અગાઉ મફાભાઈ અને ગીરીશભાઈને જોયેલા નથી. એ વાત ખરી નથી કે લુટી લીધા અને માર મારવાની કોઈ વાત થયેલ નથી અને કોઈ માર મારેલ નથી. એ વાત ખરી નથી કે દુદાભાઈ મારા ભાઈ થવાથી તેના સમર્થનમા ખોટી જુબાની આપુ છું. ''

(૧૮) તદઉપરાંત ફરીયાદપક્ષે આંક.૩૯ થી સાહેદ નં.૯ ડો.કુણાલ વિનોદભાઈ માલોસણીયા ને સોગંદ ઉપર તપાસેલા છે. તેઓએ સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે,'' હુ તા. ૨૬/૦૫/૧૮ ના રોજ સવારે દસ વાગે થરાદ સીવીલ હોસ્પી.માં મેડીકલ ઓફીસર તરીકે મારી ફરજ પર હાજર હતો ત્યારે ભુરાભાઈ મઘાભાઈ રાજપુત ઉ વ ૩૦ રહે ગેળા તા લાખણીવાળા મારી સમક્ષ સારવાર માટે લાવેલા. તેમને તપાસતા તેમણે માર મારેલાનુ જણાવેલ. તેઓ સભાન અવસ્થામાં હતા. તેમના નાડીના ધબકારા, બલ્ડ પ્રેશર, શરીરનુ તપમાન સામાન્ય હતુ. તેઓને તપાસતા નીચે મુજબની ઈજાઓ જોવા મળેલી.ઈજાનં ૧. તેમને પીઠના ભાગ પર અને બંને ખભા પર ઘણા બધા ઉઝરડા અને ચકામા જોવા મળેલા. ઈજા નં.૨ તેમને ડાબા હાથ અને કોણી નાભાગે ચકામાના નીશાન હતા. ઈજાનં. ૩ તેમને ડાબા ઘુંટણ પર દુખાવા સાથેનો સોજો હતો. ઈજા નં.૪ તેમને જમણા હાથ પર બાવડાના ભાગે ચકામુ હતુ. ઈજા નં.૫ જમણા હાથ પર ચકામુ હતુ. ઈજા નં.૬ તેમને પેટની જમણી સાઈડ ચકામાનુ નીશાન હતુ. આ અંગેનુ સર્ટી. મારા હસ્તાક્ષરમા આપેલ જે આંક ૪૦ થી રજુ કરેલ છે. ગડદાપાટુનો માર કે લાકડીઓ મારવામાં આવે તો આ પ્રકારની ઈજાઓ સંભવી શકે. ''

ત્યારબાદ, આરોપીપક્ષે આ સાહેદની ઉલટ તપાસ કરવામાં આવેલ છે, જે ધ્યાને લેતાં, આરોપીપક્ષની ઉલટ તપાસમાં તેઓએ જણાવેલ છે કે, એ વાત ખરી છે કે ઈજા પામનાર પોલીસ યાદી વગર મારી પાસે આવેલો. મે પોલીસને જાણ કરી હતી. કેટલા વાગે અને કોને જાણ કરી હતી તે હુ કહી શકુ નહી. એ વાત ખરી છે કે ઈજા પામનારે કોણે કેવી રીતે મારેલ છે તેવી કોઈ હીસ્ટ્રી. આપેલ નથી. એ વાત ખરી છે કે મે ઈજાના કોઈ માપ દર્શાવેલ નથી. એ વાત ખરી છે કે એજ ઓફ ઈન્જરી

સર્ટી.મા જણાવેલ નથી. એ વાત ખરી છે કે ઈજાનો કલર સર્ટી.મા જણાવેલ નથી. એ વાત ખરી છે કે બાર કલાક પછી દરેક ઈજાનો કલર બદલાય છે. એ વાત ખરી નથી કે ઈજા પામનારે ને માર મારવામાં આવેલ હોય અને ઈજા થયેલ હોય તો તેનુ ટેમ્પ્રેચર નોર્મલ હોય નહી. એ વાત ખરી નથી કે ઈજા પામનારને કોઈ ઈજા ન હતી તેથી તેના માપ અને એજ ઓફ ઈન્જરી જણાવેલ નથી. એ વાત ખરી નથી કે ઈજા પામનાર સાથે મળી ને ખોટુ સર્ટી. આપેલ છે. એ વાત ખરી નથી કે, ઈજા ના માપ જાણી જોઈને લખેલ નથી અને સોગંદ ઉપર ખોટી જુબાની આપું છું.

(૧૯) તદઉપરાંત ફરીયાદપક્ષે આંક.૪૪ સાહેદ નં.૧૦ થી ત.ક.અ લાખાભાઈ ગોબરભાઈ નકુમ ને સોગંદ ઉપર તપાસેલ છે. તેઓએ સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, હુ સને ૨૦૧૮ની સાલમાં પીએસઆઈ તરીકે થરાદ પો.સ્ટે.માં ફરજ બજાવતો હતો. તે અરસામાં તા.૨૬/૫/૧૮ના રોજ થરાદ પોસ્ટે ફ ગુ રજી નં. ૭૨/૧૮ થી ઈપીકો કલમ ૩૯૫,૩૯૭,૩૬૫,૧૨૦બી વગેરે મુજબનો ગુનો દાખલ થયેલ અને તે ગુનાની આગળની તપાસ અમોને સોંપવામાં આવી હતી. અમોએ તપાસ સંભાળી લીધેલી. તપાસના કામે તા. ૨૬/૫/૧૮ના રોજ રાહ થી ધાનેરા જતા હાઈવે રોડ પર પાવડાસણ ગામની સીમમાં બે પંચોની રૂબરૂમાં ગુનાવળી જગ્યાનુ પંચનામુ કરેલું. તેમજ તે જ દીવસે ઘટનાનુ રીકન્સટ્રકશન પંચનામુ બે પંચોની રૂબરૂમાં કરેલુ. તેમજ થરાદ રેફરલ હોસ્પી.માં ફરીયાદી દુદાભાઈ વાઘાભાઈ સારવાર હેઠળ હોઈ ત્યાં જઈ બે પંચોની રૂબરૂમાં તેઓની શરીર સ્થીતીનુ પંચનામુ કરેલુ. ત્યારબાદ બેવટા ગામની સીમમાં જઈ સફેદ કલરની હુન્ડાઈ કંપનીની આઈ ટ્વેન્ટી ગાડીનુ

બે પંચોની રૂબરૂમાં તા. ૧૭/૭/૧૮ના રોજ પંચનામુ કરેલ. આ કામે લાગતા વાળગતા સાહેદોના નિવેદનો તેઓના લખાવ્યા મુજબનાં નિવેદનો અમારી રૂબરૂના લખી લીધેલ. તા. ૨૭/૫/૧૮ના રોજ સાઈન્ટીફીક ઓફીસરનાઓએ સ્થળ પરીક્ષણ કરેલ અને તેનો સ્થળ પરીક્ષણ અહેવાલ અમોએ મેળવેલ. ફરીયાદીએ થરાદ રેફરલ હોસ્પી.મા સારવાર કરાવેલ હોઈ સર્ટી. મેળવવા માટે યાદી કરી સર્ટી. મેળવેલ. તપાસના અંતે આ કામના આરોપીઓની વિરુધ્ધમા પુરતો પુરાવો હોઈ આરોપીઓ વીરુધ્ધ નામ. કોર્ટમાં ચાર્જશીટ કરેલ છે.મને ની.૬/૧વાળુ સુચીપત્ર બતાવવામાં આવે છે તેમાં પીએસઓ રતનાભાઈ હરજીભાઈની સહી હુ ઓળખી બતાવું છુ જે રજુ દાં આંક ૪૫. ની.૬/૭વાળી સારવાર સર્ટી મેળવવાની યાદીમાં માર સહી ઓળખી બતાવ છું જે રજુ દા આંક ૪૬. ની.૬/૯વાળો સ્થળ પરીક્ષણ અહેવાલ મને બાતવવામાં આવે છે તેમાં સાયન્ટીફીક ઓફીસર કે કે મોઢની સહી છે જે રજુ દા આંક ૪૭ છે.

બચાવપક્ષે ઉપરોકત સાહેદની લેવામા આવેલ ઉ.ત ધ્યાને લેતા તેઓએ જણાવેલ છે કે, ગુનાવાળી જગ્યા પાવડાસણ ગામની સીમની હતી. એ વાત ખરી નથી કે ગુનાવાળી જગ્યા સીધોત્રા ગામની સીમની હતી અને તે ફરીયાદીએ બતાવેલી હતી. એ વાત ખરી નથી કે પાવડાસણ ગામની સીમની જગ્યા ફરીયાદીએ બતાવેલ નથી. મેં હાલના આ બે આરોપીઓ સીવાય બીજા કોઈ આરોપીઓ બાબતે કોઈ તપાસ કરેલ નથી. એ વાત ખરી છે કે મારી તપાસના અંતે હાલના બે આરોપીઓ સિવાય બીજા કોઈ આરોપીઓ હોવાનુ જણાઈ આવેલ નથી. એ વાત ખરી છે કે બે આરોપી હોય તો ઈપીકો કલમ ૩૯૫ અને ૩૯૭ મુજબનો ગુનો બની શકે નહી. એ વાત ખરી છે કે હાલના આરોપીઓ પાસેથી કોઈ ગાડી રીકવર કરેલ નથી. એ વાત ખરી છે કે હાલના

આરોપીઓ પાસેથી રોકડ રકમ રૂ.૧૦,૦૦૦– રીકવર કરેલ નથી. એ વાત ખરી છે કે ગુનાવાળી જગ્યાનુ કોઈ સ્કેચ બનાવેલ નથી કે રેવન્યુ અધીકારી પાસે કોઈ નકશો બનાવડાવેલ નથી. એ વાત ખરી છે કે એફએસએલ અધીકારીએ સ્થળની ફોટોગ્રાફી કરાવવા તેમજ રફ સ્કેચ બનાવવા સુચના કરેલ હતી. એ વાત ખરી નથી કે પંચોના લખાવ્યા મુજબ પંચનામા લખેલ નથી. એ વાત ખરી નથી કે પંચનામા પો.સ્ટે.મા બેસી તૈયાર કરેલ છે. એ વાત ખરી નથી કે રાજસ્થાનની હદમા જઈ પંચનામું કરવા માટે મેં કોઈ પરમીશન લીધેલ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે ઉપરી અધીકારીની પરમીશન લીધેલ. એ વાત ખરી નથી કે હકુમત બહાર જઈને ખોટુ પંચનામું કરેલ છે. એ વાત ખરી નથી કે ફરીયાદી સૌ પ્રથમ સવારે ચાર વાગે અમારી પાસે પો.સ્ટે.માં આવેલ અને તે વખતે અમોએ ફરીયાદ લેવાની ના પડી હતી. એ વાત ખરી નથી કે રાજકીય દબાણના કારણે ફરીયાદની ખોટી વિગતો હોવા છતા ફરીયાદ દાખલ કરેલ છે. એ વાત ખરી નથી કે પુરતો પુરાવો ન હોવા છતાં ખોટુ ચાર્જશીટ કરેલ છે. એ વાત ખરી નથી કે એક તરફી તપાસ કરેલ છે. એ વાત ખરી છે કે સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલ નથી. એ વાત ખરી નથી કે સાહેદોના નિવેદનો સાહેદોના લખાવ્યા મુજબ લખેલ નથી. એ વાત ખરી નથી કે સોગંદ પર ખોટી જુબાની આપુ છું.

(૨૦) આમ આ કામે, ઉપર મુજબ રેકર્ડ ઉપર આવેલ સમગ્ર મૌખિક અને દસ્તાવેજી પુરાવાનું તુલનાત્મક મુલ્યાંકન વિશ્લેષણ તેમજ ઝીણવટ પુર્વકનો અભ્યાસ કરી નિર્ણય પર પહોંચવાનુ રહે છે. ફરીયાદપક્ષ તરફથી રજુ કરવામા આવેલ પુરાવામા જોતા આ કામે સૌપ્રથમ આંક ૧૩ થી પંચ સાહેદ રામચંદભાઈ પ્રતાપભાઈ ઠાકોર નાઓને તપાસવામા આવેલ

છે. તેમજ આંક ૧૬ થી ભુપતભાઈ મફાજી ઠાકોરનાઓને તપાસવામા આવેલ છે. સદરહુ બંને પંચ સાહેદો આંક–૧૪ વાળા ગુનાવાળી જગ્યાના પંચનામુ તેમજ આંક–૧૫ વાળુ રીકન્સ્ટ્રકશન પંચનામાના પંચ સાહેદો છે. સદરહું બંને પંચ સાહેદોનો પુરાવો ધ્યાને લેતા તેઓએ આંક–૧૪ તેમજ આંક ૧૫ વાળા પંચનામાની હકીકતોને કોઈ જ સમર્થન કરેલ નથી. જેથી પ્રોસીકયુશન તરફથી તેઓને ફરી ગયેલ જાહેર કરી વિગતવારની ઉ.ત લેવામા આવેલ છે. તેમ છતા તેઓએ આંક ૧૪ તથા ૧૫ વાળા પંચનામાની હકીકતોને કોઈ જ સમર્થન કરેલ નથી. જેથી આંક–૧૪ તથા ૧૫ વાળા પંચનામા પુરવાર થતા નથી. ત્યારબાદ આ કામે  આંક–૧૭ થી આંક ૧૮ વાળા ફરીયાદીની શરીરી સ્થિતિના પંચનામાના પંચ સાહેદ ને તપાસવામા આવેલ છે. તેઓનો પુરાવો ધ્યાને લેતા તેઓએ આક ૧૮ વાળા પંચનામાની હકીકતોને સમર્થન કરેલ છે. તે ધ્યાને લેતા આક ૧૮ નું પંચનામુ પુરવાર થાય છે તેવુ કહી શકાય. પરંતું માત્ર તેટલા જ કારણોસર ફરીયાદપક્ષનો કેસ આપો આપ સફળ થઈ શકે નહી. સદરહુ પંચનામુ અને પંચ સાહેદના પુરાવા અનુસાર ફરીયાદીને રેફરલ હોસ્પીટલ થરાદમા રાખવામા આવેલ હતા અને તેઓને ઈજા થયેલ હતી તેની સારવાર હેઠળ તેઓ દવાખાનામા હતા તેવુ કહી શકાય. પરંતું માત્ર તેટલા જ કારણોસર તેઓને થયેલ ઈજા ફરીયાદની હકીકત અનુસાર આ કામના આરોપીઓ ધ્વારા કરવામા આવેલ છે તેવુ પુરવાર થયેલ માની શકાય નહી. તેવી હકીકતો પુરવાર કરવા માટે સબળ અને સચોટ પુરાવાની આવશ્યકતા રહે છે અને તેથી તેવો પુરાવો રેકર્ડ ઉપર આવે છે કે કેમ? તેની ચર્ચા વિચારણા કરવાની રહે છે.

સદરહુ કામે ત્યારબાદ વધુ પુરાવો જોતા આ કામે આંક ૨૦ થી ફરીયાદીને તપાસવામા આવેલ છે. ફરીયાદીનો પુરાવો ધ્યાને લેતા તેઓએ સરતપાસ દરમીયાન ફરીયાદ મુજબની હકીકતો જણાવવાનો પ્રયત્ન કરેલ છે. તેમ છતા તેઓનો સમગ્ર પુરાવો તેમજ બચાવપક્ષ તરફથી કરવામા આવેલ ઉ.ત ધ્યાને લેતા કેટલીક મહત્વની વિરોધાભાસી હકીકતો રેકર્ડ ઉપર આવે છે. સૌપ્રથમ તો ફરીયાદીની સરતપાસ ધ્યાને લેતા તેમા ફરીયાદી તેઓને મફાભાઈ અને ગીરીષભાઈએ ગાડીમાથી બહાર ખેંચેલો તેવી હકીકત જણાવે છે. જયારે આંક ૨૧ ની ફરીયાદ વંચાણે લેતા તેમા આઠેક માણસો હતા અને તે પૈકીના એક માણસે તેઓને ગાડીમાથી બહાર ખેંચેલા તેવી હકીકત ફરીયાદમા લખવામા આવેલ છે. એટલે કે, આરોપી મફાભાઈ અને ગીરીષભાઈ એ તેઓને ગાડીમાથી બહાર ખેચેલા હોય તેવી કોઈ હકીકત ફરીયાદમા લખવામા આવેલ નથી. તેમ છતા તેવી હકીકત ફરીયાદી તેઓના સોગંદ ઉપરના પુરાવામા જણાવે છે. ત્યારબાદ ફરીયાદી ની ઉ.ત ધ્યાને લેતા તેઓ સ્વીકાર કરે છે કે, તેઓ ફાયનાન્સનો ધંધો કરતા નથી. તેમજ તે ગાડી તેઓની માલિકીની હતી તેવુ બતાવતો કોઈ પુરાવો તેઓની પાસે નથી. તેમજ ગાડી વેચ્યા બાદ તેઓને ગાડી સાથે કોઈ લેવા દેવા નથી. આમ, ગાડી તેઓએ વેચાણ કરી દીધી હતી તેવી હકીકત રેકર્ડ ઉપર આવે છે. તેમજ વેચાણ કર્યા બાદ તેઓને ગાડી સાથે કોઈ લેવાદેવા ન હતા તેવી હકીકત પણ રેકર્ડ ઉપર આવે છે. તેમ છતા તેઓએ ફરીયાદની હકીકત અનુસાર આર.ટી.ઓ પાલનપુરમાં દંડ ભરી ગાડી શાં માટે છોડાવેલ હતી? તે અંગેનો કોઈ જ ખુલાસો રેકર્ડ ઉપર આવતો નથી. તદુપરાંત તેઓએ ગાડી દીલીપભાઈને વેચી હતી. ત્યારબાદ દીલીપભાઈએ ભરતભાઈને ગાડી

વેચી હતી અને ભરતભાઈએ મફાભાઈને ગાડી વેચી હતી તેવી હકીકત તેઓ જણાવે છે. જોકે મફાભાઈને ગાડી વેચવામા આવેલ હોય તે બદલનો કોઈ જ પુરાવો રેકર્ડ ઉપર આવતો નથી. તદુપરાંત તેઓની ફરીયાદમા નોટરી સગથાભાઈ ના નામે કરાવેલ હતી તેવી હકીકત જણાવેલી છે. જે હકીકતનો તેઓ ઉ.ત માં પણ સ્વીકાર કરે છે. આમ, જો ગાડી મફાભાઈ ને વેચવામા આવી હતી તો પછી નોટરી સગથાભાઈ ના નામે શાં માટે કરવામા આવેલ? તે અંગેનો પણ કોઈ જ ખુલાસો રેકર્ડ ઉપર આવતો નથી. તેમજ ગાડી બાબતે નોટરાઈઝ કરાવવામા આવેલ હોવા બદલનો કોઈપણ જાતનો દસ્તાવેજી પુરાવો રેકર્ડ ઉપર આવતો નથી. તદુપરાત મફાભાઈ ને ગાડીનો કબજો સોપવામા આવેલ હોય અને ત્યારબાદ મફાભાઈ ગાડીના હપ્તા ભરતા ન હતા તેવુ બતાવતો પણ કોઈ જ આધારભુત પુરાવો આ કામે રેકર્ડ ઉપર આવતો નથી. ફરીયાદી તેઓની ઉ.ત દરમીયાન ગાડી તેમની હોવાના કારણે અને હપ્તા ભરવામા આવેલ ન હોવાના કારણે છોડાવેલ હતી તેવી હકકીતો જણાવે છે. પરંતું ગાડી ફરીયાદીના નામે ન હતી અને તેઓની માલિકીની ન હતી તેવી સ્પષ્ટ હકીકતો ફરીયાદી પોતે જણાવે છે. તેમ છતા તેઓની હોવાના કારણે અને હપ્તા ભરવામા આવેલ ન હોવાના કારણે તેઓએ છોડાવી હતી તેવી વિરોધાભાસી હકીકતો તેઓ જણાવે છે. તદુપરાંત ફરીયાદીએ ફરીયાદની હકીકતો અનુસાર આર.ટી.ઓ મા દંડ ભરી ગાડી છોડાવેલ હોય તે અંગેનો પણ કોઈ જ પુરાવો આ કામે રેકર્ડ ઉપર આવતો નથી. તદુપરાંત આ કામે આંક ૨૬ થી તપાસવામા આવેલ સાહેદ નાગજીભાઈ તેજાભાઈ ના નામે ગાડી હોવા બાબતનો મૌખિક પુરાવો રેકર્ડ ઉપર આવે છે. સદરહુ સાહેદ એટલે કે, નાગજીભાઈ તેજાભાઈ ની ઉ.ત ધ્યાને લેતા તેઓ ગાડી છોડાવી ત્યારે ફરીયાદી ઓરીજનલ કાગળો લઈ

ગયેલ હોય તેવુ બનેલ નથી તેવી હકીકતનો સ્વીકાર કરે છે. આમ, ફરીયાદીની પાસે ઓરીજનલ કાગળો હતા નહી તેમ છતા તેઓએ ગાડી કેવી રીતે છોડાવી? તે હકીકત પણ શંકા ઉપસ્થિત કરે છે. તદુપરાંત ફરીયાદી તેઓની ઉ.ત દરમીયાન બનાવ સીધોતરાની સીમમા બનેલ અને તે જગ્યા તેઓએ પોલીસને બતાવેલ હતી તેવુ જણાવે છે. જયારે આંક ૧૪ વાળું પંચનામુ વંચાણે લેતા તે પંચનામુ પાવડાસણ ગામની સીમમા કરવામા આવેલ છે. એટલે કે, તે પંચનામા મુજબ બનાવવાળી જગ્યા પાવડાસણ ગામની સીમમા છે. તેમજ ત.ક.અ પણ તેઓના પુરાવામા ગુનાવાળી જગ્યા પાવડાસણ ગામની સીમની હતી તેવુ જણાવે છે. તેમ છતા ફરીયાદી પાવડાસણ ગામની સીમમા બનાવ બનેલ હોય અને ત્યાં પંચનામુ કરેલ હોય તેવુ જણાવતા નથી અને સીધોતરા ગામની સીમમા બનાવ બનેલાની હકીકત જણાવે છે. આમ, ફરીયાદીના પુરાવા ધ્વારા ગુનાવાળી જગ્યા બદલાઈ જાય છે. તદુપરાંત બનાવ સ્થળની આજુબાજુ સીલાજી કરસનજી અને ગોવાભાઈ વાઘાભાઈ નું ખેતર આવેલ હોવાનુ ફરીયાદી જણાવે છે અને તે લોકો સ્થળ ઉપર હાજર હતા અને તેમને પુછીને માલીક તરીકે નામ લખેલા તેવી હકીકત ફરીયાદી જણાવે છે. પરંતું તેવા કોઈ સાહેદોને આ કામે લેવામા આવેલ હોય તેવુ બનેલ નથી. તદુપરાંત ફરીયાદી તેઓના પુરાવામા આઠ જણના ચહેરા જોયેથી ઓળખી શકુ તેવી હકીકત જણાવે છે. તેમજ માર મારવાનો અને લુંટ કરવાનો બનાવ રાજસ્થાનની હદમા બનેલ તેવી હકીકત તેઓએ જણાવેલ છે. તદુપરાત દસ હજારની નોટો કયાં દરની હતી, કયાંથી લાવેલ હતા અને શાં માટે લઈને નીકળેલ હતા તેવી હકકીત ફરીયાદમા લખવામા આવેલ નથી તેનો તેઓ સ્વીકાર કરે છે. ત્યારબાદ ગરડાલી મુકામે પોલીસ ચોકી છે તેમજ ગરડાલી થી થરાદની પોલીસ ચોકી

આશરે બે કી.મી દુર હશે તેવી હકીકત ફરીયાદી ઉ.ત મા જણાવે છે. તેમ છતા બનાવ દરમીયાન અથવા તો બનાવ પછી તરત ફરીયાદી ધ્વારા તે પોલીસ ચોકીઓનો સંપર્ક કરવામા આવેલ નથી. જે હકીકત શંકા ઉપસ્થિત કરે છે. તદુપરાંત ફરીયાદી પોતે બચાવ માટે કોઈ બુમો પાડેલ નહી તેવી હકીકત જણાવે છે. તદુપરાંત તેઓ ત્યાથી સીધા થરાદ પો.સ્ટે આવેલા અને થરાદ પો.સ્ટેમાં આશરે ચાર વાગે આવ્યા ત્યારે જાહેરાત આપી હતી તેવી હકીકત ફરીયાદી જણાવે છે. પરંતું તેવી કોઈ જાહેરાત આ કામે રેકર્ડ ઉપર આવેલ નથી. તદુપરાંત આક ૨૪ વાળા સાહેદ દીલીપભાઈ ફરીયાદીની સાથે હતા તેવી ફરીયાદની હકીકત છે અને તે આક ૨૪ વાળા સાહેદનો પુરાવો ધ્યાને લેતા તેઓ ડાયરેકટ જેતડા મુકામે ગયેલ હતા, પોલીસ સ્ટેશને ગયેલ નહી તેવી હકકીત જણાવે છે. જયારે ફરીયાદી તેનાથી વિરોધાભાસી હકીકત ડાયરેકટ પો.સ્ટે ગયેલ હતા તેવુ જણાવે છે. આમ, રેકર્ડ ઉપર આવેલ ફરીયાદીનો પુરાવો ધ્યાને લેતા રેકર્ડ ઉપર મહત્વની વિરોધાભાસી હકીકતો આવે છે. જે ફરીયાદીની વિશ્વસનીયતા પ્રત્યે શંકા ઉપસ્થિત કરે છે.

સદરહુ કામે વધુ પુરાવો જોતા આંક ૨૪ થી દીલીપકુમાર નારણભાઈ રાજપુત ને તપાસવામા આવેલ છે. તેઓનો પુરાવો ધ્યાને લેતા તેઓ જણાવે છે કે, ફરીયાદી તેઓના કુંટુંબી ભાઈ થાય છે. ફરીયાદી પાસેથી તેઓએ સને ૨૦૧૫ મા ગાડી ખરીદેલ હતી. ત્યારબાદ તે ગાડી જેતડાના ભરતભાઈ કરશનભાઈ ને વેચેલ હતી અને ત્યારબાદ તે ગાડી મફાભાઈ ને વેચી હતી. ત્યારબાદ તે ગાડી ડીટેઈન થતા દુદાભાઈ એ છોડાવેલ હતી અને ત્યારબાદ મફાભાઈ ગાડી અને દુદાભાઈ બંનેને લઈ ગયા હતા અને રાત્રે તેમના ઉપર મફાભાઈનો ફોન આવેલ અને ઓરીજનલ

નોટરી લઈને આવવાનુ જણાવેલ. ત્યારબાદ તેઓ નાગજીભાઈના ઘરે ગયા હતા. ત્યારબાદ તે તથા ભરતભાઈ વેલાભાઈ બંને જણા ગરડાલી સાંચોર હાઈવે ઉપર ગયેલા અને ત્યા જઈને જોતા મફાભાઈ તથા ગીરીષભાઈ તથા બીજા આઠેક માણસો હતા અને દુદાભાઈ ને પીઠના ભાગે તથા મોઢાના ભાગે ઈજા થયેલ હતી અને નોટરી ભરતભાઈને આપેલ અને દુદાભાઈ ને છોડાવેલા તેવી હકીકત તેઓ જણાવે છે. તેમજ સદરહુ સાહેદ ધ્વારા તેઓના પુરાવા દરમીયાન આંક ૨૫ વાળુ ગાડી કબજે કર્યા અંગેનું પંચનામુ રજુ કરવામા આવેલ છે. સદરહુ સાહેદની બચાવપક્ષ તરફથી કરવામા આવેલ ઉ.ત ધ્યાને લેતા તેઓ જણાવે છે કે, ભરતભાઈને ગાડી વેચાણ કરી તે અંગે વેચાણ કરાર કરેલ. ભરતભાઈ એ જેને ગાડી વેચી તેઓને તથા ભરતભાઈને હપ્તા ભરવા બાબતે તકરાર ચાલતી હતી તેમજ તેઓ સગથાભાઈ હપ્તા ભરતા ન હતા અને ગાડી પરત આપતા ન હતા તેવી હકીકત જણાવે છે. આમ, સદરહુ સાહેદના પુરાવા ધ્વારા સગથાભાઈ ને ગાડી વેચાણ કરવામા આવેલ હોય અને સગથાભાઈ હપ્તા ભરતા ન હોઈ તેવી હકીકતો રેકર્ડ ઉપર આવે છે. જયારે ફરીયાદમા મફાભાઈ ને ગાડી વેચેલાનો અને મફાભાઈ ગાડીના હપ્તા ભરતા ન હતા તેવી હકીકતો જણાવવામા આવેલ છે. આમ, તે ધ્વારા મહત્વની વિરોધાભાસી હકીકત રેકર્ડ ઉપર આવે છે. તેમજ રેકર્ડ ઉપર ગાડી અંગેના કોઈ જ કાગળો કે વેચાણ અંગેના કોઈ આધારભુત પુરાવા આવતા નથી. ત્યારે તેવા સંજોગોમાં ગાડી મફાભાઈ ને વેચાણ કરવામા આવેલ હોય અને તેઓ હપ્તા ભરતા ન હોય તેવી હકીકતો શંકા ઉપસ્થિત કરે છે. વધુમા આંક ૨૪ વાળા સાહેદ તેઓની ઉ.ત માં વધુમા જણાવે છે કે, તેઓ તથા ભરતભાઈ અને દુદાભાઈ કોઈપણ હીસાબે ગાડી પરત લેવા માંગતા હતા અને તેઓએ ભેગા થઈને નકકી કરેલ કે કોઈપણ સંજોગોમા ગાડી

પરત લેવી છે અને તેથી તેઓએ પોલીસ સ્ટેશનનો સંપર્ક કરેલ તેવી હકીકતનો તેઓ સ્વીકાર કરે છે અને તેથી તે હકીકતો પણ ધ્યાને લેતા ફરીયાદી અને સદરહુ સાહેદ કોઈપણ રીતે ગાડી પરત લેવા માંગતા હતા અને તે કારણસર તેઓએ પોલીસ સ્ટેશનનો સંપર્ક કરેલ છે ત્યારે તેવા સંજોગોમાં હાલની ફરીયાદની સત્યતા પ્રત્યે શંકા ઉપસ્થિત થાય છે. તદુપરાંત સદરહુ સાહેદ તેઓના પુરાવામા તે સમયે પો.સ્ટેમાં લુટની ફરીયાદ કરેલી તેવી પુછવામા આવેલી હકીકતનો ઈન્કાર કરતા નથી. પરંતું તેઓને તે વાતની ખબર નથી તેવુ જણાવે છે. તેમજ લુંટની ફરીયાદ દુદાભાઈ એ લખાવેલ હોવાનુ અને ગાડીની લુંટ થયેલ હોવાનું તેઓને ખબર નથી તેવી હકીકત તેઓ જણાવે છે.તદુપરાંત ઓરીજનલ નોટરી આજે પણ નાગજીભાઈની પાસે છે તેમજ ગરડાલી મુકામે અસલ નોટરી કોઈને આપેલ નહી તેવી હકીકત સદરહુ સાહેદ જણાવે છે. આમ, સદરહુ સાહેદ તેઓની સરતપાસમા ઓરીજનલ નોટરી લઈને આવવા માટે ફોન કરેલ હોવાની હકીકત જણાવે છે અને તેમ છતા તેઓ ઓરીજનલ નોટરી લઈને ગયેલ હોય અને તે આપેલ હોય તેવુ બનેલ નથી. તે હકીકત ધ્યાને લેતા જો ફરીયાદ મુજબનો ગંભીર બનાવ બનેલ હોય અને ઓરીજનલ નોટરી અંગેના કાગળ મંગાવેલ હોય ત્યારે તેવા સંજોગોમાં ઓરીજનલ નોટરી અંગેના કાગળો મળ્યા વિના ફરીયાદની હકીકત અનુસાર ફરીયાદીને છોડવામા આવેલ હોય તેવી હકીકત માની શકાય તેમ નથી. તે અંગેનો ખુલાસો પ્રોસીકયુશને કરવો જોઈએ પરંતુ તેવો કોઈ જ ખુલાસો રેકર્ડ ઉપર આવતો નથી. તદુપરાંત સદરહુ સાહેદ પણ પરત આવ્યા ત્યારે ખોડા ચેકપોસ્ટ થઈને આવેલા અને તે વખતે પોલીસનો કોઈ સંપર્ક કરેલ નહી તેવી હકીકતનો સ્વીકાર કરે છે. ત્યારબાદ આંક ૨૬ થી નાગજીભાઈ તેજાભાઈ ને તપાસવામા

આવેલ છે. તેમના પુરાવા અનુસાર ફરીયાદી તેઓના કુટુંબી સાળા થાય છે. ગાડી નંબર જીજે.૦૭.બી.આર.૭૮૬૨ તેઓના નામે હતી. તે ગાડી તેઓએ દુદાભાઈ તથા દીલીપભાઈને વેચાણ કરવા આપી હતી. દીલીપભાઈ એ આ ગાડી ભરતભાઈ ને વેચેલ હતી અને ભરતભાઈ એ આ ગાડી મફાભાઈને વેચી હતી. મફાભાઈએ સગથાભાઈ ને નોટરી કરી ગાડી વેચાણ કરી હતી અને ત્યારબાદ તેના હપ્તા ન ભરતા પોલીસે ગાડી ડીટેઈન કરેલ અને તે ગાડી દુદાભાઈ એ છોડાવી હતી. ત્યારબાદ બનાવના દિવસે તેઓ ઘરે હતા ત્યારે તેઓએ ઓરીજનલ નોટરી દીલીપભાઈને આપી હતી ત્યારબાદ દીલીપભાઈ ગરડાલી ગયા હતા અને ત્યારબાદ બીજા દીવસે જાણવા મળેલ કે, દુદાભાઈ ને મફાભાઈ એ મારકુટ કરી હતી. ત્યારબાદ ફરીયાદ કરી હતી તેવી હકીકત જણાવેલ છે. તેમજ સદરહુ સાહેદ પણ તેઓના પુરાવા દરમીયાન આંક ૨૫ વાળુ પચનામું તેઓની રૂબરૂમા થયેલ તેવુ જણાવે છે. સદરહુ સાહેદની ઉ.ત ધ્યાને લેતા તેઓ ગાડીના મુળ માલીક હોવાની હકીકત જણાવે છે. તેઓએ ગાડી દીલીપભાઈ ભરતભાઈ વિગેરેને વેચાણ આપેલ નથી તેવી હકીકત જણાવે છે. તેમજ દુદાભાઈ એ ગાડી છોડાવી ત્યારે ઓરીજનલ કાગળો લઈ ગયેલ નહી તેવી હકીકત તેઓ જણાવે છે. તદુપરાંત તેઓ પણ સગથાભાઈ પાસેથી અમો બધા ગાડી પરત લેવાનુ નકકી કરેલ તેવી હકીકતનો સ્વીકાર કરે છે. તેમજ તે બાબતે પોલીસ સ્ટેશને ગયા હતા અને પોલીસને ગાડી કોઈપણ હીસાબે પરત લેવી છે તેવુ જણાવેલ અને તે વખતે પોલીસે ફરીયાદ કરવાનુ કહેલ તેવી હકીકતનો તેઓ સ્વીકાર કરે છે. જોકે ખોટી લુંટની ફરીયાદ કરેલ હોવાની હકીકતનો તેઓ ઈન્કાર કરે છે. આમ, સદરહુ સાહેદનો પુરાવો ધ્યાને લેતા તેમના પુરાવા અનુસાર તેઓ ગાડીના મુળ માલીક છે. જોકે તે બાબતનો કોઈ દસ્તાવેજી આધાર

રેકર્ડ ઉપર આવતો નથી. તેઓએ પોતે ગાડી કોઈને વેચેલ હોય તેવુ બનેલ નથી. તદુપરાંત તેઓ સગથાભાઈ પાસેથી ગાડી પરત લેવાનું નકકી કરેલ તેવી હકીકતનો સ્વીકાર કરે છે. તેમજ તે બાબતે પોલીસ સ્ટેશને ગયેલા અને પોલીસે ફરીયાદ આપવાનુ કહેલ તેવી હકીકતનો પણ તેઓ સ્વીકાર કરે છે અને તેથી તે હકીકત ધ્યાને લેતા તેઓ કોઈપણ સંજોગોમા ગાડી પરત લેવા માંગતા હોય, પોલીસના કહેવાથી ફરીયાદ આપવાની થતી હોય ઉપજાવી કાઢેલી ખોટી ફરીયાદો ઉભી કરી ફરીયાદ કરવામા આવેલ હોય તેવી હકીકત માનવા પ્રેરાઈ શકાય તેવી હકીકતો રેકર્ડ ઉપર આવે છે. તદુપરાંત સદરહુ સાહેદના પુરાવા ધ્વારા મફાભાઈ એ સગથાભાઈ ને નોટરી કરી ગાડી વેચાણ કરી હતી તેવી હકીકતો રેકર્ડ ઉપર આવે છે. જે હકીકતો ફરીયાદમા નથી. ફરીયાદી પણ તેવી કોઈ જ હકીકતો જણાવતા નથી. તદુપરાંત મફાભાઈ એ નોટરી કરી સગથાભાઈ ને ગાડી વેચાણ કરેલ હોય તેવી હકીકતો સૌપ્રથમ વખત સદરહુ સાહેદના પુરાવા ધ્વારા રેકર્ડ ઉપર આવે છે. તદુપરાંત સદરહુ સાહેદના પુરાવા ધ્વારા તેઓએ ઓરીજનલ નોટરી અંગેના કાગળો દીલીપભાઈને આપેલ છે અને તેમ છતા ઓરીજનલ કાગળો ફરીયાદની હકીકત અનુસાર મફાભાઈને આપવામા આવેલ નથી અને તેની ઝેરોક્ષ આપવામા આવેલ છે તેવી હકીકત ફરીયાદમા જણાવવામા આવેલ છે. તે હકીકત પણ શંકા ઉપસ્થિત કરે છે. વધુમા આંક ૩૨ ના સાહેદનો પુરાવો ધ્યાને લેતા બનાવના દિવસે તેઓ ઘરે હતા ત્યારે અરજણભાઈ રાજપુતે તેઓને ફોન કરેલ અને દુદાભાઈનુ અપહરણ મફાભાઈ અને ગીરીષભાઈ એ કરેલ છે અને રોકડા રૂપીયા દસ હજાર અને ગાડી લુંટી લીધેલ છે અને રાજસ્થાનની હદમા જઈ ઢોર માર મારેલ છે તેવી હકીકત જણાવતા તેઓ જેતડા પેટ્રોલ પંપે ગયા હતા અને ત્યારબાદ ફરીયાદ આપી હતી તેવી હકીકત તેઓ જણાવે છે. આમ,

તેઓનો પુરાવો ધ્યાને લેતા તેઓને બનાવ અંગેની કોઈ જાતમાહિતી નથી અને તેઓ હિયર–સે સાહેદ છે. તેજ રીતે આંક ૩૩ ના સાહેદ અરજણભાઈ વાઘાભાઈ પણ તેઓના પુરાવામા તેજ મુજબની હકીકતો જણાવે છે. તેઓ પણ હિયર–સે સાહેદ છે. આમ, સદરહુ બંને હીયર–સે સાહેદોના પુરાવાનુ કોઈ સમર્થનીય મુલ્ય નથી.

સદરહુ કામે ત્યારબાદ જોતા આંક ૩૯ થી મે.ઓફીસરને તપાસવામા આવેલ છે. તેમના પુરાવા અનુસાર તા. ૨૬/૫/૧૮ ના રોજ તેઓ થરાદ સીવીલ હોસ્પીટલમા મેડીકલ ઓફીસર તરીકે હાજર હતા ત્યારે ફરીયાદીને તેમની સમક્ષ સારવાર માટે લાવવામા આવેલ હતા. તેઓએ માર મારેલાનુ જણાવેલ. તેની સારવાર તેઓએ કરી હતી અને સર્ટી. આપેલ તેવી હકીકત તેઓ પુરાવામા જણાવે છે. સદરહુ સાહેદ ની ઉ.ત ધ્યાને લેતા તેઓ ઈજા પામનાર પોલીસ યાદી વગર આવેલ તે હકીકતનો સ્વીકાર કરે છે. તેમજ ઈજા પામનારે કોણે કેવી રીતે મારેલ તેની કોઈ હિસ્ટ્રી આપેલ નથી તે હકીકતનો સ્વીકાર કરે છે. આમ, મે.ઓફીસરના પુરાવા ધ્વારા તેઓએ કરેલ સારવાર અનુસારની ઈજાઓ ફરીયાદીને થયેલ હતી તેવુ માની લેવામા આવે તો પણ માત્ર તેટલા જ કારણોસર તે ઈજાઓ ફરીયાદની હકીકતો અનુસાર આરોપીઓ ધ્વારા કરવામા આવેલ હોવાની હકીકત પુરવાર થઈ શકે નહી. ફરીયાદની હકીકત અનુસાર તેમજ રેકર્ડ ઉપર આવેલ હકીકતો અનુસાર ફરીયાદી અને આરોપીઓ અગાઉથી નામ જોગ એકબીજાને ઓળખતા હોય તેવુ જણાઈ આવે છે. તેમ છતા ફરીયાદીએ મે.ઓફીસર સમક્ષ માર મારનાર વ્યકિત તરીકે આરોપીઓના નામ શાં માટે જણાવેલ નથી? તે હકીકતનો કોઈ જ ખુલાસો રેકર્ડ ઉપર આવતો નથી. મે.ઓફીસર સમક્ષ માત્ર માર મારેલાની હિસ્ટ્રી આપવામા આવેલ છે. પરંતું તે માર કોના ધ્વારા અને કયાં

હથીયારો ધ્વારા મારવામા આવેલ છે તેવી કોઈ જ હકીકતો જણાવેલ નથી. ત્યારે તેવા સંજોગોમા તે હકીકતો ન જણાવવા બદલનો ખુલાસો પ્રોસીકયુશને કરવો જોઈએ અને તેમ છતા જયારે તેવો કોઈ જ ખુલાસો રેકર્ડ ઉપર આવતો નથી. ત્યારે તેવા સંજોગોમાં ફરીયાદની હકીકત અનુસારના હથીયારો વડે આરોપીઓ ધ્વારા ઈજા પામનારને ઈજા પહોંચાડવામા આવેલ હોય તેવી હકીકત શંકા ઉપસ્થિત કરે છે. સદરહુ કામે ત્યારબાદ વધુ પુરાવો જોતા આંક ૪૪ થી ત.ક.અ ને તપાસવામા આવેલ છે. તેમના પુરાવા અનુસાર તેઓએ આ ગુનાની તપાસ કરેલ છે અને આરોપીઓ વિરૂધ્ધ ચાર્જશીટ કરેલ છે. તેઓની બચાવપક્ષ તરફથી કરવામા આવેલ ઉ.ત ધ્યાને લેતા તેઓ ગુનાવાળી જગ્યા પાવડાસણ ગામની સીમની હોવાની હકીકત જણાવે છે અને તે જગ્યા ફરીયાદીએ બતાવેલ હતી તેવુ જણાવે છે. જયારે ફરીયાદી તેનાથી વિપરીત જગ્યા હોવાનુ પુરાવા ધ્વારા જણાવે છે. તદુપરાંત ત.ક.અ તેઓની ઉ.ત માં હાલના બે આરોપીઓ સિવાય બીજા કોઈ આરોપીઓ હોવાનુ તપાસમા જણાઈ આવેલ નથી તેવી હકીકતનો તેઓ સ્વીકાર કરે છે. તેમજ બે આરોપી હોય તો ઈ.પી.કો કલમ ૩૯૫ અને ૩૯૭ મુજબનો ગુનો બની શકે નહી તેવી હકીકતનો તેઓ સ્વીકાર કરે છે. તેમજ હાલના આરોપીઓ પાસેથી કોઈ ગાડી કે રોકડ રકમ રીકવર કરવામા આવેલ નથી તેવી હકીકતનો તેઓ સ્વીકાર કરે છે. તેમજ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલા નથી તેવી હકીકતનો પણ તેઓ સ્વીકાર કરે છે.

(૨૧) આમ, સદરહુ કામે, ઉપર મુજબનો મૌખિક અને દસ્તાવેજી પુરાવો રજુ થયેલો છે. તે પુરાવાનું તુલનાત્મક મુલ્યાંકન અને વિશ્લેષણ દવારા ગુનાહિત કૃત્ય માટે આ કામના આરોપીઓ જ જવાબદાર છે તેવી હકીકત સબળ, સચોટ અને

વિશ્વસનીય પુરાવા દવારા નિ:શંકપણે પુરવાર થઈ શકેલ નથી અને સ્પષ્ટ પણે તે હકીકતો પરત્વે શંકા ઉપસ્થિત થાય તેવી હકીકતો રેકર્ડ પર આવે છે. આ કામે ગુનાવાળી જગ્યા પુરવાર થતી નથી. ગુનાવાળી જગ્યા બાબતે ખુદ ફરીયાદી ધ્વારા વિરોધાભાસી હકીકતો રેકર્ડ ઉપર આવે છે. આરોપીઓ પાસેથી આ કામે કોઈ રીકવરી કરવામા આવેલ હોય તેવી કોઈ જ હકીકત રેકર્ડ ઉપર આવતી નથી. ઉપર ચર્ચા કરી તે અનુસાર ગાડી અંગેના કોઈ જ કાગળો તેમજ ગાડીના વેચાણ અંગેના તેમજ નોટરાઈઝ કરાવ્યા અંગેના કોઈ જ આધારભુત પુરાવા રેકર્ડ ઉપર આવતા નથી. આ કામના આરોપી મફાભાઈ ને ગાડી વેચાણ કરવામા આવેલ હોય તે અંગેનો પણ કોઈ જ પુરાવો રેકર્ડ ઉપર આવતો નથી. ફરીયાદી એ ગાડી દંડ ભરીને આર.ટી.ઓ માંથી છોડાવેલ હોય તે અંગેનો પણ કોઈ જ પુરાવો રેકર્ડ ઉપર આવતો નથી. તે હકીકતો ધ્યાને લેતા બનાવ અને ફરીયાદની હકીકતો પ્રત્યે શંકા ઉપસ્થિત થાય છે. તદુપરાંત ફરીયાદની હકીકતો અનુસાર અને ફરીયાદીના પુરાવા અનુસાર બંને આરોપીઓ સિવાય બીજા આઠેક માણસો હોવાની હકીકત રેકર્ડ ઉપર આવે છે. પરંતું તે આઠેક માણસો કોણ હતા તે અંગેનો કોઈ ખુલાસો રેકર્ડ ઉપર આવતો નથી. તેઓના કોઈ વર્ણન કરવામા આવેલ હોય તેવી પણ કોઈ જ હકીકતો રેકર્ડ ઉપર આવતી નથી. તેમજ આ ગુનાની તપાસ કરનાર અમલદાર ધ્વારા માત્ર હાલના બે આરોપીઓની વિરૂધ્ધમા ચાર્જશીટ કરવામા આવેલ છે. તેમજ તેઓની તપાસ દરમીયાન હાલના બે આરોપી સિવાય બીજા કોઈ આરોપીઓ હોવાનુ જણાઈ આવેલ નથી તેવી હકીકત તેઓ જણાવે છે અને જો તે હકીકતને સાચી માની લેવામા આવે તો ઈ.પી.કો કલમ ૩૯૫ અને ૩૯૭ નો કોઈ અસ્તિત્વ રહેતુ નથી. તદુપરાંત ફરીયાદી તેઓની ઉ.ત દરમીયાન આઠ જણાના ચહેરા તેઓ જોયેથી ઓળખી શકે તેવી હકીકત જણાવે છે. આમ, તે મુજબની હકીકત હોવા છતા આ કામે તેવી કોઈ વ્યકિતઓને પકડવામા

આવેલ હોય અને ફરીયાદી સમક્ષ લાવી તેવી વ્યકિતઓની કોઈ ઓળખ પરેડ કરાવવામા આવેલ હોય તેવુ બનેલ નથી. આમ, તે હકીકતો ધ્યાને લેતા તેમજ ત.ક.અ એ કરેલી તપાસ અને તેના અંતે કરેલ ચાર્જશીટની હકીકતો ધ્યાને લેતા હાલના બે આરોપીઓ સિવાય અન્ય બીજા આઠ માણસો બનાવમા સામેલ હોય તેવી હકીકત રેકર્ડ ઉપરના પુરાવાથી પુરવાર થતી નથી. તેમ છતા ફરીયાદમા અને પુરાવામા બીજા આઠ માણસો હોવાની હકીકત જણાવવામા આવેલ છે. ત્યારે તે હકીકત શંકા ઉપસ્થિત કરે છે અને તે ધ્વારા ફરીયાદની હકીકતો પ્રત્યે પણ શંકા ઉપસ્થિત થાય છે. વધુમા આ કામે કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લેવામા આવેલ હોય તેવુ બનેલ નથી. રેકર્ડ ઉપર આવેલ હકીકતો અનુસાર હાઈવે ઉપર ૨૪ કલાક વાહનોની અવરજવર રહે છે તેમજ બનાવવાળી જગ્યાની આજુબાજુમા ખેતરો આવેલ હોવાની હકીકતો રેકર્ડ ઉપર આવે છે અને તેમ છતા આજુબાજુમાથી કોઈ સ્વતંત્ર સાહેદો શાં માટે લેવામા આવેલ નથી તેનો ખુલાસો પ્રોસીકયુશને કરવો જોઈએ .પરંતું તેવો કોઈ જ ખુલાસો આ કામે રેકર્ડ ઉપર આવતો નથી. ફરીયાદી તથા સાહેદો વિરોધાભાસી હકીકતો જણાવે છે તે ધ્યાને લેતા તેઓનો પુરાવો વિશ્વસનીય હોવાનુ જણાઈ આવતુ નથી. ઉપર સમગ્ર ચર્ચા કરી તે મુજબ ફરીયાદપક્ષના કેસ પ્રત્યે શંકા ઉપસ્થિત થાય તેવી હકીકતો રેકર્ડ ઉપર આવે છે અને તેથી જયારે પુરાવા દરમ્યાન કોઈ શંકા ઉપસ્થિત થાય ત્યારે ફોજદારી કાર્યરીતી સંહિતાની જોગવાઈઓ અનુસાર તેવી શંકાનો લાભ આરોપીઓને આપવામાં આવે તો જ ન્યાય કર્યો કહેવાય. સામાન્ય રીતે ગુનો કરનાર વ્યકિત છુટી જાય તે બાબત યોગ્ય નથી, પરંતું જયારે નિર્દોષને સજા થાય ત્યારે અદાલતની વિશ્વસનીયતા ઘટવા લાગે છે. ન્યાયતંત્રની પવિત્રતા ઉપરથી સમાજનો વિશ્વાસ તુટી જાય છે. નિર્દોષ વ્યકિતને સજા થવાથી તેવી સજા ભોગવનાર વ્યકિત નહી, પરંતું સમગ્ર સમાજના મનમાં ન્યાયતંત્ર

માટે અણગમો પેદા થાય છે, અને તેથી જ તમામ સુસંસ્કુત સમાજમાં આરોપી સામેનું તહોમત ફરીયાદપક્ષે નિ:શંકપણે પુરવાર કરવાનું હોય છે તેવો સિધ્ધાંત અપનાવવામાં આવેલ છે. ફોજદારી કાર્યવાહીમાં સાબિતીનો બોજો ફરીયાદપક્ષ ઉપર રહે છે, અને માત્ર સંભવિતતા દર્શાવવી પર્યાપ્ત નથી. કોઈ હકીકત અંગે તે માનવા માટે બે સંભવિતતા નજર સમક્ષ આવતી હોય ત્યારે તેનો લાભ આરોપીને મળવો જોઈએ, એક શંકા ગમે તેટલી દૃઢ હોય તો પણ તે સાબિતીનું સ્થાન લઈ શકે નહી. ફરીયાદપક્ષનો કેસ સાચો છે અને સાચો હોઈ શકે તે શબ્દો વચ્ચે ઘણું અંતર છે. શંકા સંભવિતતા ગણાય નહી, કારણ કે શંકા એક માનસિક ગ્રંથી છે જેના પાયામાં તર્ક નહી પરંતું માનસિક પ્રક્રિયા હોય છે. ફોજદારી કાર્યવાહીનું પરિણામ સામાન્ય રીતે સજામાં આવે છે અને આવી સજા ખોટા કારણે કે ખોટા મુલ્યાંકનના કારણે ન થાય અને નિર્દોષ વ્યકિતને દંડ ભોગવવો ન પડે તે માટે નિ:શંકપણે ગુન્હો સાબિત થાય તે આવશ્યક છે. કારણ કે ખોટી રીતે થઈ જતી સજા વ્યકિતના સ્વાતંત્ર ઉપર તરાપ સમાન છે. તે હકીકતો ધ્યાનમાં લઈને સદરહું કામ જોવામાં આવે તો આરોપીઓ વિરૂધ્ધનો કેસ તમામ વ્યાજબી શંકાથી પર નિ:શંકપણે પુરવાર થતો નથી.

(૨૨) ટુંકમાં, ઉપરોકત સમગ્ર ચર્ચા નજરે, આ કામના આરોપીઓએ તા. ૨૨/૫/૧૮ ના કલાક ૨૨:૦૦ વાગ્યે મોજે સિધોતરા રોડ ઉપર ફરીયાદીની ગાડી લીધેલ તેના હપ્તા ભરતા ન હોઈ જે ગાડી પરત લઈ લીધેલ તે ગાડી લઈ ફરીયાદી જતા હોઈ આરોપીઓએ કાવત્રુ રચી સિધોતરા ગામ આગળ રોડ ઉપર ગાડી રોકાવી ફરીયાદીને ખેચી બહાર કાઢી ગાડીમા ઉપાડી રાજસ્થાનની હદમા લઈ જઈ શરીરે મુઢ માર મારી ગાડીની નોટરીનું કાગળ મંગાવેલ. જે ઝેરોક્ષ કાગળ આવતા ફરીયાદીને છોડી દઈ ગાડીની

તથા રૂા. ૧૦,૦૦૦/- ની લુંટ કરી ગુનો કરી આરોપીઓએ ભારતીય દંડ સંહિતાની કલમ-૩૯૫,૩૯૭,૩૬૫,૧૨૦-બી મુજબનો ગુન્હો કરેલ હોવાનું ફરીયાદ પક્ષ નિ:શંક પણે પુરવાર કરી શકેલ ન હોઈ, પડેલ પુરાવા આધારે આરોપીઓ વિરૂધ્ધના ફરીયાદ મુજબના કોઈ જ આક્ષેપો સ્ પષ્ટપણે પુરવાર થતા ન હોઈ, ફરીયાદ મુજબનો ગુન્હો આરોપીઓએ કરેલ હોવાનું ફરીયાદ પક્ષ વ્યાજબી શંકાઓથી પર નિ:શંકપણે પુરવાર કરી શકેલ ન હોઈ, મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં આપી, મુદ્દૃ નં. ૨ અન્વયે ન્યાયના હીતમાં નીચે મુજબનો આખરી હુકમ કરાવમાં આવે છે.

**-: <u>હુ ક મ</u> :-**

૧: આરોપીઓ નં.(૧) ગીરીશભાઈ સગથાભાઈ રબારી, રહે.રાહ,તા.થરાદ,જિ: બનાસકાંઠા,તથા આરોપી નં.(૨) મફાભાઈ ઉર્ફે અશોકભાઈ નાગજીભાઈ રબારી રહે.મેડા, તા.સાંચોર,જિ:જાલોર(રાજસ્થાન) વાળાઓને ક્રિ.પ્રો.કો.ક. ૨૩૫(૧) અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ કલમ-૩૯૫,૩૯૭,૩૬૫,૧૨૦-બી મુજબના ગુન્હામાંથી પુરાવાના અભાવે નિર્દોષ છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨: આ કામે કબ્જે લીધેલ મુદ્દામાલ હીરો કંપનીનું આઈ ૨૦ જીજે.૦૭.બી.આર.૭૮૬૨ ગાડી પરત સોંપવા અંગે અગાઉ વચગાળાનો કોઈ હુકમ થયેલ હોય તે હુકમ અપીલ સમય બાદથી કાયમ કરવામાં આવે છે અને જો આવો કોઈ હુકમ કરેલ ન હોય તો ઉપરોકત સદરહું મુદ્દામાલ વાહન અંગે તેના મુળ માલીકની ખરાઈ કરી અપીલ સમય પુરો થયા બાદ તેમને પરત કરવો.

૩: આરોપીઓએ ક્રિમીનલ પ્રોસીઝર કોડની ક.૪૩૭(ક) મુજબ, અપીલના હેતુ માટે છ માસના સમય સુધીના રૂા.૧૦,૦૦૦/– (રૂપિયા દસ હજાર પુરા) ના જાત મુચરકા તથા તેટલી જ રકમના જામીન આપવા.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

થરાદ.
તા.૨૩/૦૨/૨૦૨૨

(**ભુપેશ શંભુપ્રસાદ પરમાર**)
એડીશનલ સેશન્સ જજ,
થરાદ, જીલ્લો–બનાસકાંઠા
(કોડ નં. જીજે૦૦૩૮૨)